15P
847
G

राष्ट्रीय अभिलेखागार पुस्तकालय
NATIONAL ARCHIVES LIBRARY
भारत सरकार
Government of India
नई दिल्ली
New Delhi

आह्वानांक Call No.
अवाप्ति सं० Acc. No. 847

Satyagraha Gita
in Sanskrit (Bombay)

# सत्याग्रहगीता

847



321
18

कर्ता

वल्लभदास भगवानजी गणात्रा

# सत्याग्रहगीता

गुर्जरभाषाटीकासमेता ।


कर्ता

**वल्लभदास भगवानजी गणात्रा**

C/o शेठ गोपालजी रामजी.

प्रतापबिल्डींग, भटवाडी, गीरगाम, मुंबई नं. ४


:o:


प्रकाशिका

श्रीमती रमीबेन मोरारजी कामदार



सर्व हक्क कर्ताने स्वाधीन छे.



आवृत्ति १ ] [ प्रत १०००

संवत १९८७] मूल्य रु. ०-५-० [इ. स. १९३१


57

RECEIVED.
14. NOV. 1933
DEPARTMENT

મુદ્રક:
ગિરિજાશંકર ભગવાનજી જોશી,
"જોશી આર્ટ પ્રિન્ટીંગ વર્કસ્,"
૮૧, બઝારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ નં. ૧.

NATIONAL ARCHIVES LIBRARY
No 847
Date 22-12-71
GOVT. OF INDIA

# કર્તાનું નિવેદન.

ભારતની મુક્તિને માટે જગદ્વન્દ્ય મહાત્મા ગાંધીજીએ સને ૧૯૩૦ના એપ્રીલની ૬ ઠ્ઠી તારીખે જ્યારે મીઠાના કાયદાનો ભંગ કરી સત્યાગ્રહની લડતનો આરંભ કર્યો ત્યારે મહાભારતના કાળનું ધર્મયુદ્ધ મને યાદ આવ્યું. મહાભારતનો ઇતિહાસ ભગવાન્ વ્યાસજીએ લખ્યો હતો. એ પ્રમાણે આ સત્યાગ્રહયુદ્ધનો ઇતિહાસ સંસ્કૃતમાં લખવા મને પ્રેરણા થઇ. મહાભારતની લડાઇથી તો જગતમાં ભારે નુકસાન થયું હતું. કારણકે સારા સારા જ્ઞાની પુરૂષોનો તેથી નાશ થયો હતો. આ સત્યાગ્રહ યુદ્ધ તો વિશ્વના કલ્યાણ માટે છે, અહિંસાના આધારે છે, અને તેનાથી શ્રેષ્ઠ છે. એટલા માટે તેનો ઇતિહાસ જરૂર લખવો એવો નિશ્ચય કરી શ્રીમદ્ ભગવદ્‌ગીતાની શૈલીપર બ્રિટાન્યા અને રૂટરનો સંવાદ ગોઠવી સત્યાગ્રહ ગીતા લખવા માંડી. સૌથી પ્રથમ **"હિન્દુ જ્યોતિ"** અને **"ગુજરાતી"** પત્રમાં તે પ્રગટ થઇ અને તે પરથી **"ચિત્રમય જગત્" "લોહાણા-જીવન" "લોકમત" "શારદા"** આદિ પત્રોએ કેટલાક અધ્યાયો ઉતારી પ્રગટ કર્યા. મારી સત્યાગ્રહગીતાનો અનુવાદ, **હિન્દી, તામીલ** અને **તેલગુ** આદિ ભાષાના પત્રોએ પ્રગટ કર્યો. આ પ્રમાણે આ ગીતા સારી રીતે લોકપ્રિય થઇ. મારી જ્ઞાતિના એક ગૃહસ્થ શેઠ **ખીમજી નાગજી કોઠારીએ** મારી સત્યાગ્રહગીતાના વાચનથી ખુશ થઇ જાણીતા સાક્ષર **શ્રી નારાયણજી વસનજી ઠક્કુરના** હાથે લોહાણા સ્નાતક-મંડળની એક સભામાં રૂ. ૫૦) પચાસ આપી મારા પ્રયાસમાં મને ઉત્તેજન આપ્યું હતું. તે ઉપરાંત મારી સત્યાગ્રહ ગીતા માટે વિદ્વાન્ વાંચકોએ મને અભિનન્દનપત્રો પણ મોકલાવ્યાં હતાં.

આ સત્યાગ્રહગીતાના કુલ ૧૮ અધ્યાય છે. તેમાં ૧૯૩૦ના એપ્રીલની ૬ ઠ્ઠી તારીખથી ગાંધી-ઇરવીન કરાર સુધીનો ઇતિહાસ અને સત્યાગ્રહના સિદ્ધાન્તો સરલ સંસ્કૃતશ્લોકોમાં આપેલા છે.

આ ગીતા છપાવવા માટે કેટલાક ગૃહસ્થોએ મને મદદ આપવાની હા પાડી હતી. પણ મારી ઇચ્છા તો દેશને માટે ભોગ આપનાર સત્યાગ્રહી

વીર અથવા વીરાંગનાની મદદ લેવાની હતી. તે ઇચ્છા આજ પ્રભુ-કૃપાએ સંપૂર્ણ થઈ છે, આ સત્યાગ્રહ ગીતાનું પ્રકાશન સમુદ્રતટપર આવેલ પોતાના વિશાળ બંગલાનો ત્યાગ કરી દેશને માટે જેલનિવાસ સેવનાર મુંબઇની સત્યાગ્રહસંગ્રામ સમિતિના એકવારના પ્રમુખ **શ્રીમતી રમીબેન મોરારજી કામદારના** પવિત્ર હસ્તે થાય છે, **શ્રીમતી રમીબેન** સંસ્કૃત ભાષાપર સારૂં પ્રભુત્વ ધરાવે છે એટલે એમના હાથે ગીર્વાણ ભાષાના ઉદ્ધાર માટે પ્રયત્ન થાય એ ઇષ્ટ છે. શ્રીમતી **રમીબેને** દેશને માટે ભોગ આપ્યો છે, એટલું જ નહિ પણ તેમના પતિ શેઠ મોરારજી કામદાર બી. એ. એલએલ. બી. એડવોકેટ અને તેમના પુત્ર ચિ. ભગવાનદાસ ને ભાઇ પ્રતાપસિંહે પોતાનું કાર્ય છોડી દઇ દેશની સ્વતંત્રતાના સંગ્રામમાં ઝપલાવ્યું છે. આ રીતે જેમનું સમસ્ત કુટુંબ દેશસેવા કરી રહ્યું છે એવા એક સસ્કારી, દેશસેવિકા ને ગીર્વાણભાષા-પ્રેમી વિદુષી બેન **રમીબેનની** મદદ મળી તે માટે હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું.

આ પુસ્તક પ્રગટ કરવાનો ઉદ્દેશ રાષ્ટ્રભાવનાનો પ્રચાર અને ગીર્વાણસાહિત્ય પ્રતિ લોકોની રસવૃત્તિ જાગૃત કરવાનો છે.

મારી આ રાષ્ટ્રભાવનામય કૃતિઓની પ્રવૃત્તિ માટે હર હંમેશ આર્થિક સાહાય્ય આપનાર પ્રકાશિકા **શ્રીમતી રમીબેન કામદાર, શ્રીયુત લાલજી ગોકુલદાસ બી. એ. એલ એલ. બી. એડવોકેટ** અને આ ગીતાની રચનાના આરંભકાળમાં ઘટતી સૂચનાઓ આપનાર શેઠ **દશરથલાલ આર. જોષી** અને શેઠ **ગોપાલજી રામજીનો** અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

C/o શેઠ ગોપાલજી રામજી
પ્રતાપ બિલ્ડીંગ,
ભટવાડી, ગીરગામ,
મુંબઇ, તા. ૧-૬-૩૧.

કર્તા
**વલ્લભદાસ ભગવાનજી ગણાત્રા.**



महात्माजी दांडी-प्रयाण.

सत्याग्रहाभिधं शस्त्रं शूराणामेव विद्यते ।
सत्याग्रहबलान्मुक्तिर्भारतस्य भविष्यति ॥

# सत्याग्रहगीताध्यानविधिः

दादाभाईपितामहश्च तिलको, लालोऽरविन्दो यति-
र्गांधिर्विठ्ठलवल्लभौ च मतिमान् गुप्तः सुभाषस्तथा ॥
श्रद्धानन्दयतिश्च पंडितवरः श्रीमालवीयाभिधो
मोतीलालजवाहराविति नरान् वन्देत सद्भावतः ॥ १ ॥

અર્થઃ—હિન્દના પિતામહ દાદાભાઇ નવરોજજી, લોકમાન્ય તિલક, લાલા લજપતરાય, સાધુ અરવિન્દ ઘોષ અને પૂજ્ય ગાંધીજી, શ્રીયુત વિઠ્ઠલભાઈ પટેલ, શ્રીયુત વલ્લભભાઈ પટેલ, બુદ્ધિમાન્સેનગુપ્તા, સુભાષચન્દ્ર બોઝ, સ્વામી શ્રધ્ધાનન્દ પંડિતવર્ય માલવીયાજી, પંડિત મોતીલાલ અને જવાહરલાલ નહેરૂ—એ નરવીરોને સદ્ભાવથી વન્દન કરવું—૧.

नमोऽस्तु गांधे सुविशालबुद्धे तुभ्यं स्वदेशोन्नतिकारणाय ।
येन त्वया प्रेमघृतेन पूर्णः प्रज्वालितः सत्यमयः प्रदीपः ॥ २ ॥

અર્થઃ—અત્યન્ત વિશાળ બુદ્ધિવાળા અને સ્વદેશની ઉન્નતિનાં કારણરૂપ એવા હે ગાંધીજી, આપને નમસ્કાર હો. આપેજ પ્રેમરૂપી ઘીથી ભરેલા સત્યરૂપી દીવાને પ્રકટાવ્યો છે—૨.

विश्ववंद्याय धीराय चरखाशस्त्रपाणये ।
सत्याधाराय वीराय नमो गांधिमहात्मने ॥ ३ ॥

અર્થઃ—વિશ્વવંદ્ય, ધીર, ચરખારૂપી શસ્ત્ર જેના હાથમાં છે એવા, સત્ય જ જેનો આધાર છે એવા વીર ગાંધી મહાત્માને નમસ્કાર—૩.

कर्मचंदसुतं गांधिमहिंसाशांतिपाठदम।
स्वदेशपरमानन्दं महात्मानं नमाम्यहम् ॥ ४ ॥

અર્થ:—અહિંસા અને શાંતિનો પાઠ આપનાર, સ્વદેશ જેને પરમ આનન્દરૂપ છે એવા કરમચંદના પુત્ર મહાત્મા ગાંધીને હું નમું છું-૪

कातरं कुरुते शूरं क्रूरं च करुणामयम्।
यत्कृपा तमहं वन्दे परमानन्दमोहनम् ॥ ५ ॥

અર્થ:—જેની કૃપા બાયલાને બહાદુર બનાવે છે અને દયાહીનને દયાળુ બનાવે છે એવા પરમાનન્દયુક્ત મહાત્માજી મોહનદાસ ગાંધીને હું વન્દન કરૂં છું-૫

राजद्रोहतटा सुवस्त्रसलिला, पोलीसनीलोपला
दंडग्राहवती चरेण वहनी, सार्जन्टवेलाकुला।
अर्वीनाद्यधिकारिघोरमकरा, तोपाननावर्तिनी
सोत्तीर्णा खलु भारतैर्भयनदी, कैवर्तको मोहनः ॥ ६ ॥

અર્થ:—રાજદ્રોહ રૂપી કિનારાવાળી, પરદેશી સુંદર વસ્ત્રો-રૂપી જલવાળી, પોલીસરૂપી નીલ પત્થરવાળી, પોલીસોના દંડાઓ રૂપી ઝુંડવાળી, સી. આઇ. ડી. રૂપી પ્રવાહવાળી, સાર્જન્ટરૂપી મોજાંવાળી, લોર્ડ અરવીન વગેરે અમલદારો રૂપી ભયંકર મગરમચ્છવાળી અને મશીનગનના મુખરૂપી ઘુમરીવાળી ભયરૂપી નદીને હિન્દુસ્થાનના લોકો મહાત્મા મોહનદાસ ગાંધી રૂપી સુકાની વડે તરી ગયા છે-૬

यं पृथ्वीतलवासिनस्तु सकलाः शंसन्ति विद्वज्जनाः
काव्यै रम्यपदान्वितैश्च कवयो यत्कीर्तिगाने रताः।
यं सत्याग्रहसैनिकाश्च समरे ध्यायन्ति चित्ते मुदा
यस्यान्तं न विदुर्बुधाबुधगणास्तस्मै नमो गांधये ॥ ७ ॥

અર્થ:—પૃથ્વીપરના બધા વિદ્વાન માણસો જેની પ્રશંસા કરે છે, સુંદર પદોવાળાં કાવ્યો વડે કવિઓ જેની કીર્તિનું ગાન કરવામાં આસક્ત છે, અને રણસંગ્રામમાં સત્યાગ્રહના સૈનિકો જેનું પોતાના મનમાં આનંદપૂર્વક ધ્યાન કરે છે અને જેના પારને જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ જાણતા નથી એવા ગાંધી મહાત્માને નમસ્કાર–૭.

श्रीमद्गांधिवचःसरोजममलं, सत्कार्यगंधोत्कटं
राष्ट्रप्रेमविकासकेसरयुतं, सद्भावनाबोधितम् ।
लोके सज्जनषट्पदैरहरहः, संसेव्यमानं मुदा
भूयाद् भारतदेशवासिजनतास्वातंत्र्यलाभप्रदम् ॥ ८ ॥

અર્થ:—સત્કાર્યરૂપી સુગંધવાળું, રાષ્ટ્રપ્રેમના વિકાસરૂપી કેસરોવાળું, સદ્ભાવનાઓ વડે હંમેશાં પ્રફુલ્લિત થયેલું, આ જગતમાં સજ્જનો રૂપી ભ્રમરો વડે આનન્દથી સેવાતું એવું મહાત્મા ગાંધીજીના વચનરૂપી શ્વેત કમલ ભારતવર્ષના લોકોને સ્વતંત્રતાનો લાભ આપનારૂં થાઓ.–૮

॥ इति ध्यानविधिः ॥

# सत्याग्रहगीतामाहात्म्यम् ।

भारतमातोवाच

स्वराज्यं प्राप्नुयुः केन प्रकारेणैव मामकाः ।
बाला मोहन मे ब्रूहि विचारयुक्तचेतसा ॥ १ ॥

ભારતમાતા કહે છે;—હે મહાત્મા મોહનદાસ ગાંધી! ખરેખર મારા બાળકો કયા પ્રકારે સ્વરાજ પ્રાપ્ત કરી શકે તે મને વિચારયુક્ત ચિત્તથી કહો. ૧

मोहन उवाच

ब्रिटिशानां महाराज्यं बलवद् विद्यते भुवि ।
विनां सत्याग्रहं तेषां न जायेत पराभवः ॥ २ ॥

મહાત્મા મોહનદાસ ગાંધી કહે છેઃ—આ પૃથ્વીપર બ્રિટિશોનું મહારાજ્ય બળવાન્ છે. સત્યાગ્રહ વિના તેમનો પરાભવ થશે નહિ. ૨

अहिंसाबलमाश्रित्य युध्यन्ते मानवास्तु ये ।
तेषां जयो भवेदत्र मन्येऽहं नास्ति संशयः ॥ ३ ॥

અર્થ:—જે માણસો અહિંસાના બળનો આશ્રય લઇ યુદ્ધ કરે છે તેઓનો આ જગત્માં જય થાય છે એમ હું ધારૂં છું એમાં શક નથી ૩

सत्याग्रहपराः सर्वे भवेयुर्यदि ते सुताः ।
विदेशिवस्त्रमोहं च त्यजेयुर्मम शासनात् ॥ ४ ॥
नश्येत्तेषां महादुःखं द्रुतं बंधनसंभवम् ।
पृथ्वीमण्डलदेशेषु वर्धेत च यशः सितम् ॥ ५ ॥

અર્થ:—જો તારા બધા બાળકો સત્યાગ્રહમાં અસક્ત થાય અને વિદેશી વસ્ત્રોનો મોહ મારી આજ્ઞાથી તજી દે તો તેમનું ગુલામીથી ઉત્પન્ન થતું દુઃખ તુર્ત નાશ પામે અને પૃથ્વીપરના દેશોમાં તેમનો ઉજ્જવલ યશ વૃધ્ધિ પામે. ૪–૫

सत्याग्रहं समाश्रित्य प्रह्लादसंनिभा नराः ।
बहवो विजयं प्रापुरिति जानामि विष्टपे ॥ ६ ॥

અર્થ:—સત્યાગ્રહના આશ્રયથી જગતમાં પ્રહલાદ જેવા ઘણાએ માણસોએ વિજય મેળવ્યો છે એ હું જાણું છું, ૬

प्रभुस्तत्र सहायोऽस्ति यत्र सत्याग्रहो भवेत् ।
पराभवं प्रभोः कर्तुं शक्नुयात्को नरः खलु ॥ ७ ॥

અર્થ:—જ્યાં સત્યાગ્રહ થાય છે ત્યાં પરમાત્મા મદદગાર હોય છે. પરમાત્માનો પરાભવ કયો માણસ કરી શકે તેમ છે? ૭

धन्यः सत्याग्रही वीरो धन्यौ तत्पितरौ तथा ।
सत्याग्रही नरो वन्द्यो भवेत्सर्वत्र मे मतम् ॥ ८ ॥

અર્થ:—સત્યાગ્રહી વીર નરને ધન્ય છે; તેના માતપિતાને ધન્ય છે; સત્યાગ્રહી નર સર્વત્ર વંદ્ય છે એવો મારો મત છે. ૮

इति श्रीसत्याग्रहगीतामाहात्म्यम् ।

ललना बालकाश्चापि देशभक्तिसमन्विताः।
गांधिसैन्ये स्थिताः प्रीत्या महती खलु तच्चमूः ॥ ९ ॥

અર્થ:—ગાંધીજીની સેનામાં દેશભક્તિપૂર્ણ, સ્ત્રીઓ અને બાળકો પણ પ્રેમથી જોડાયા છે, ખરેખર તેમની સેના મોટી છે. ૯

खादीवस्त्रधराः सर्वे शुद्धभावं समाश्रिताः।
त्यक्तमृत्युभयाः शूरा गांधिसैन्यस्य सैनिकाः ॥ १० ॥

અર્થ:—ગાંધીજીની સેનાના સૈનિકોએ ખાદીનો પોષાક ધારણ કરેલો છે, તેઓ શુદ્ધ ભાવથી યુક્ત છે અને તેમણે મરણનો ભય છોડી દીધો છે. ૧૦.

न तेषां बन्धनाद् भीतिर्न सुखं गणयन्ति ते।
स्वमातृभूमिकल्याणं तेषां तु परमं प्रियम् ॥ ११ ॥

અર્થ:—તેમને કેદખાનાનો ભય નથી, તેમને સુખની પરવા નથી; તેમને તો પોતાની માતૃભૂમિનું હિત વધારે વહાલું છે. ૧૧

आत्मबले परां श्रद्धां कुर्वन्ति विजयाय ते।
विश्वं विस्मयमायाति तेषां विजयनिश्चयात् ॥ १२ ॥

અર્થ:—વિજયને માટે તેઓ આત્મબળ ઉપર શ્રદ્ધા રાખે છે; તેમના વિજયમાટેના નિશ્ચયને લીધે દુનિયા વિસ્મય પામે છે. ૧૨.

नभश्च पृथिवीं चैव जयशब्दैः समन्ततः।
पूरयन्तः स्वराष्ट्रस्य ध्वजमारोपयन् क्षितौ ॥ १३ ॥

અર્થ:—જયજયકારના ધ્વનિથી પૃથ્વી અને આકાશને ભરી દેતા તે સૈનિકોએ રાષ્ટ્રધ્વજનું આરોપણ કર્યું. ૧૩.

तेषां तु विविधाः संघाः समुद्रस्य तटं प्रति।
स्वराज्यं लिप्सवोऽकुर्वन् प्रयाणं हर्षपूरिताः ॥ १४ ॥

અર્થ:—તેમની જુદીજુદી ટોળીઓએ સ્વરાજ્ય મેળવવાની ઇચ્છાથી આનંદપૂર્વક સમુદ્રતીર પ્રતિ પ્રયાણ કર્યું. ૧૪.

कुर्वन्ति लवणं सर्वे सिलित्वा राजनिश्चितम् ।
नियमं भंक्तुकामास्ते विक्रीणते च तत्सदा ॥ १५ ॥

અર્થ:—બ્રિટીશ રાજ્યના કાયદાનો ભંગ કરવાની ઇચ્છાથી તેઓ સાથે મળીને મીઠું પકાવે છે અને હમેશાં વેચે છે. ૧૫

ब्रिटान्योवाच

श्रुत्वा भाषणमेतत्ते हास्यमास्यात्तु गच्छति ।
नैव स्वातंत्र्यलाभः स्यादिति जानासि रूटर ॥ १६ ॥

બ્રિટાન્યા કહે છે—તારૂં આ ભાષણ સાંભળીને હસવું આવે છે, આમ સ્વતંત્રતા ન મળે એમ હું જાણું છું. ૧૬.

एको गांधिर्महात्मास्ति यतो मे परमं भयम् ।
नेतार इतरे प्रायो वाणीयुद्धविशारदाः ॥ १७ ॥

અર્થ—એક ગાંધી મહાત્માથી મને મોટો ભય છે, ઘણું કરીને બીજા નેતાઓ વાગ્યુદ્ધમાં નિપુણ છે. ૧૭.

रूटर उवाच

गांधिरेकोऽयमित्यत्र प्रमादः क्रियतां नहि ।
गत्वा बाहुल्यमेकोऽपि स्फुलिंगो विपिनं दहेत् ॥ १८ ॥

રૂટર કહે છે:- ગાંધીજી એકલા છે એ માટે પ્રમાદ નહિ કરવો; અગ્નિનો એક તણખો પણ વધીને આખા વનને બાળી નાખે છે. ૧૮.

गांधितपोबलान्नूनं बहवो गांधयो द्रुतम् ।
भविष्यन्ति मरिष्यन्ति स्वदेशोन्नतिकारणे ॥ १९ ॥

અર્થ:—ગાંધીજીના તપોબળથી સત્વર અનેક ગાંધીજી પેદા થશે અને પોતાના રાષ્ટ્રની ઉન્નતિ માટે આત્મસમર્પણ કરશે. ૧૯.

ब्रिटान्योवाच

भेदनीतिं ग्रहीष्यामि सैन्यशस्त्रसहायताम् ।
लब्ध्वा च नाशयिष्यामि गांधिसर्वमनोरथान् ॥ २० ॥

બ્રિટાન્યા કહે છે:—ભેદનીતિ અર્થાત *divide and rule* ની નીતિને ગ્રહણ કરીશ અને મારા લશ્કર તથા શસ્ત્રની સહાયતાથી ગાંધીજીના સર્વ મનોરથોને નષ્ટ કરીશ.

इति श्रीसत्याग्रहगीतायां ब्रिटान्याक्षोभो नाम प्रथमोऽध्यायः ॥

---

## द्वितीयोऽध्यायः

ब्रिटान्योवाच

दमनाख्यां मया नीतिमंगीकर्तुं समन्ततः ।
आदिष्टाः किमकुर्वंस्ते मदीया अधिकारिणः ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે—હે રૂટર, ચારે બાજુ દમનનીતિનો સ્વીકાર કરવાને ફરમાવાયલા મારા અધિકારીઓએ શું કર્યું ? ૧

के के कारागृहे क्षिप्ताः का स्थितिर्वर्ततेऽधुना ।
अशान्तिर्जायते किं वा भारते ब्रूहि रूटर ॥ २ ॥

અર્થ—હે રૂટર, કોને કોને જેલખાને મોકલવામાં આવ્યા છે, હાલ કઇ સ્થિતિ છે અને હિંદુસ્થાનમાં અશાંતિ છે કે કેમ તે મને કહે. ૨

रूटर उवाच

त्वदीयं चेष्टितं ज्ञात्वा महात्मा न बिभेत्यसौ ।
उत्साहो वर्धते तस्य विजयाय दिवानिशम् ॥ ३ ॥

રૂટર કહે છે—તારી આ ચેષ્ટાને જાણીને તે મહાત્મા ગાંધીજી ડરતા નથી. રાતદિવસ તેનો વિજય માટે ઉત્સાહ વધતો જાય છે. ૩

रामदासः सुतस्तस्य वयस्यगणसंगतः ।
कारागारमगात्तेन महात्मा हर्षमागतः ॥ ४ ॥

અર્થ—તેમનો પુત્ર મ. રામદાસ પોતાના મિત્રગણો સાથે કારાવાસનો મહેમાન થયો તેથી મહાત્માજી આનંદ પામતા હવા. ૪

पारलानगरे वीरा ये मया परिकीर्तिताः ।
अतिथित्वं गताः सर्वे तव राज्यस्य हर्षतः ॥ ५ ॥

અર્થ—વીલેપારલામાં મેં જણાવેલા સઘળા વીરસૈનિકો આનંદથી તારા રાજ્યના અતિથિ બન્યા છે. ૫

मुम्बापुर्यां नरीमानो मानोन्नतिकरं पदम् ।
मुनशीप्रमुखाश्चान्ये प्राप्नुवन् देशकारणे ॥ ६ ॥

અર્થ—મુંબઇ નગરીમાં મ. નરીમાન અને મ. કનૈયાલાલ માણેકલાલ મુનશી વગેરે બીજા સૈનિકો પોતાના દેશને માટે જેલયાત્રા સમાન માન અને ઉન્નતિને આપનારાં સ્થાનને પ્રાપ્ત કરતા હવા. ૬.

महासभायाः प्रमुखोऽपि धैर्यवान् जवाहरोऽभूदतिथिर्महारथः ।
त्वदीयराज्यस्य च हर्षपूरितो नेता विजेताखिललोकचेतसाम् ॥७॥

અર્થ—મહાસભાના પ્રમુખ, સર્વ લોકોના ચિત્તને જિતનાર, ધૈર્યવાન્ મહારથી જવાહરલાલ નેહરૂ પણ આનંદપૂર્વક તમારા રાજ્યના મહેમાન થતા હવા. ૭

समाचारमिमं श्रुत्वा गांधिर्हर्षकरं वरम् ।
मोतीलालाय तत्पित्रे संदेशं व्यसृजन्निमम् ॥ ८ ॥

અર્થ—આ હર્ષદાયી ઉત્તમ સમાચાર સાંભળીને ગાંધીજી તેમના પિતા પંડિત મોતીલાલ નહેરૂને આમ સંદેશો મોકલતા હવા. ૮

“भवतः परमं भाग्यं धन्या तज्जननी खलु ।
यस्याःपुत्रः स्वदेशार्थं सहते कष्टमीदृशम्” ॥ ९ ॥

અર્થ—“ તમારૂં મોટું ભાગ્ય છે; ખરેખર તેની માતાને ધન્ય છે કે જેનો પુત્ર પોતાના દેશને માટે આવું કષ્ટ સહન કરે છે.” ૯

वंगदेशे महावीरः सेनगुप्तो महारथः ।
कारावासातिथिर्जात उत्साहं दर्शयन् परम् ॥ १० ॥

અર્થ—બંગાળમાં મહારથી મહાવીર સેનગુપ્તા પરમ ઉત્સાહને દેખાડતા કારાગૃહના અતિથિ થતા હવા. ૧૦

बहवः सैनिका एवं समस्तभारतस्थिताः ।
एकैकशः क्रियन्ते ते बन्धनागारवासिनः ॥ ११ ॥

અર્થ—આ પ્રમાણે આખા ભારતવર્ષમાં રહેલા સૈનિકો એક પછી એક જેલવાસી કરાતા જાય છે. ૧૧

यथा यथा निगृह्यन्ते नेतारो धर्मयुद्धगाः ।
तथा तथा पदं तेषामन्ये विन्दन्ति सत्वरम् ॥ १२ ॥

અર્થ—જેમ જેમ જુદા જુદા ધર્મયુદ્ધના નેતાઓ પકડાતા જાય છે તેમ તેમ સત્વર બીજા નેતાઓ તેમના સ્થાનને પ્રાપ્ત કરે છે. ૧૨

निराशां नहि गच्छन्ति समुत्साहं व्रजन्ति च ।
सैनिका गांधिसैन्यस्य तत्प्रभावो महान् यतः ॥ १३ ॥

અર્થ—ગાંધીજીની સેનાના સિપાઇઓ એથી નિરાશાને પામતા નથી પણ ઉત્સાહને પામે છે; કારણ કે મહાત્માજીનો પ્રભાવ મહાન્ છે. ૧૩

गत्वोदधिं समानीय पानीयं सर्वसैनिकाः ।
कुर्वन्ति लवणं नित्यं राष्ट्रभावसमन्विताः ॥ १४ ॥

અર્થ—રાષ્ટ્રભાવનાવાળા સર્વ સૈનિકો સમુદ્રપર જઇ તેનું પાણી લાવીને હંમેશાં મીઠું પકાવે છે. ૧૪

लवणं नहि दातव्यं प्राणैः कण्ठगतैरपि ।
लवणं दीयमानं तद् यशो देशस्य नाशयेत् ॥ १५ ॥

અર્થ—કંઠમાં પ્રાણ આવે તો પણ સરકારના સિપાઇઓને મીઠું આપવું નહીં. આપવાથી દેશની કીર્તિનો નાશ થાય છે. ૧૫

इति गांधिवचस्तेषां जागर्ति हृदयेऽनिशम् ।
महात्मवचनं त्यक्तुं न केषामपि वांछना ॥ १६ ॥

અર્થ—ઉપર પ્રમાણેનું ગાંધીજીનું વચન હંમેશાં તેમનાં હૃદયમાં જાગૃત રહે છે. મહાત્માજીનાં વચનને તજવાને કોઇની પણ ઇચ્છા થતી નથી. ૧૬

स्वयंसेवकमुष्टिभ्यो लवणं स्वबलेन ते ।
हर्तुकामा महाघोरं कृत्यं भृत्यास्तु कुर्वते ॥ १७ ॥

અર્થ—સ્વયંસેવકોની મુઠીમાંથી મીઠું બલાત્કારે ઝુંટવી લેવાની ઇચ્છાવાળા તારા નોકરો મહાઘોર કાર્ય કરે છે. ૧૭

ताड्यमाना भृशं दण्डैश्चण्डैर्नागारकैस्तव ।
लवणं नहि यच्छन्ति मृत्युमिच्छन्ति किन्तु ते ॥ १८ ॥

અર્થ—તારા નિર્દય પોલીસો તેમને દંડાઓવડે ખુબ મારે છે તોપણ તેઓ મીઠું આપતા નથી પણ મૃત્યુને ઇચ્છે છે. ૧૮

अहिंसाशांतिभंगाय यतन्ते न तथापि ते ।
विविधा वेदनाः किंतु सहन्ते मौनमाश्रिताः ॥ १९ ॥

અર્થ—આમ છતાં પણ તેઓ અહિંસા અને શાંતિનો ભંગ કરતા નથી; પણ મૌન રાખીને જુદી જુદી વેદનાઓ સહન કરે છે. ૧૯

कर्तव्यपालनासक्ता भक्ता मृत्योर्न बिभ्यति ।
तत्रैव मरणं तेषां जीवनेन समं मतम् ॥ २० ॥

અર્થ—કર્તવ્યપાલનમાં આસક્ત રહેલા દેશભકતો મૃત્યુથી ડરતા નથી; એમ કરતાં મરણ થાય તો તેમને એ જીવનસમાન લાગે છે. ૨૦

वीरता मारणे नास्ति वीरता मरणे स्थिता ।
मारणान्मरणं श्रेय इति जानन्ति ते यतः ॥ २१ ॥

અર્થ—મારવામાં બહાદુરી નથી પણ મરવામાં છે. કારણ કે મારવા કરતાં મરવું ઉત્તમ છે એમ તેઓ જાણે છે ( એટલા માટે જ તેઓ શાંતિભંગ કરતા નથી.) ૨૧

स्पृहयन्ति कदाचिन्नो देहाय नश्वराय ते ।
स्वराज्यं क्रेतुमिच्छन्ति देहमूल्येन सैनिकाः ॥ २२ ॥

અર્થ—તે સૈનિકો પોતાના નાશવંત દેહની કદી ઈચ્છા રાખતા નથી; તેઓ પોતાના દેહરૂપી મૂલ્યથી સ્વરાજ્ય ખરીદવાને ઈચ્છે છે. ૨૨

गांधेरादेश एवास्ति न शांतिस्त्यज्यतामिति ।
सहित्वा वेदनां शांतिरक्षादक्षाः भवन्त्यतः ॥ २३ ॥

અર્થ—ગાંધીજીનો હુકમ છે કે શાંતિ તજવી નહીં, એથી વેદના સહન કરીને તેઓ શાંતિ જાળવવા માટે સાવધ રહે છે. ૨૩

एवं स्थिते कथं शांतेर्भंगः स्याद् भारते वद ।
एतत्तेषां महायुद्धमपूर्वं खलु विद्यते ॥ २४ ॥

અર્થ—આવી સ્થિતિમાં શાન્તિનો ભંગ હિન્દુસ્થાનમાં કેમ થાય તે મને કહો. તેઓનું આ મહાયુદ્ધ ખરેખર અપૂર્વ છે. ૨૪

सर्वमेतत्ततः श्रुत्वा क्रियतामुचितं तु यत् ।
मदीयो विद्यते धर्मः समाचारनिवेदनम् ॥ २५ ॥

અર્થ—આ બધું સાંભળીને જે ઉચિત લાગે તે કરો; મારો ધર્મ તો સમાચાર જણાવવાનો છે. ૨૫

ब्रिटान्योवाच

मयैतद् बहुशो ज्ञातं भारतीया जना अमी ।
प्रारंभशूरतायुक्ताः प्रायस्तन्न भयं ततः ॥ २६ ॥

બ્રિટાન્યા કહે છે—ઘણીવાર મને માલમ પડયું છે કે હિન્દુસ્થાનનાં લોકો ઘણે ભાગે આરંભશૂરા છે, એટલે તેમનાથી મને ભય નથી. ૨૬

कियन्तं समयं यावद्धर्मयुद्धपरायणाः ।
भवन्तीति विदित्वाहं करिष्यामि यथोचितम् ॥ २७ ॥

અર્થ—કેટલો વખત તેઓ ધર્મયુદ્ધમાં તત્પર રહે છે એ જાણીને યથાયોગ્ય કરીશ. ૨૭

इति श्रीसत्याग्रहगीतायां दमननीत्यारम्भो नाम द्वितीयोऽध्यायः ॥

---

# अथ तृतीयोऽध्यायः

## सत्याग्रहविविधप्रवृत्तिनिवेदनम् ।

ब्रिटान्योवाच

नीतिर्मदीया लभते जयं किं किं गांधिसेना कुरुतेऽधुना सा ।
पराभवं मे त्वरितं विधातुं तदुच्यतां रूटर मित्र सर्वम् ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે--હિન્દુસ્થાનમાં મારી નીતિને વિજય મળે છે કે કેમ અને ગાંધીજીની સેના મારો સત્વર પરાભવ કરવાને શું કરે છે તે મને કહે. ૧

रूटर उवाच

त्वदीयनीतेर्विजयो न वर्तते न मन्दताया अपि नाम विद्यते ।
उत्साहवृद्धिं परमां दिने दिने सा गांधिसेना लभते तु भारते ॥

રૂટર કહે છે—હિન્દુસ્થાનમાં તારી નીતિનો વિજય થયો નથી, ગાંધીજીની સેનામાં મંદતાનું નામ પણ નથી અને દિવસે દિવસે તેનો ઉત્સાહ વધતો જાય છે. ૨

धनं गृहं जीवितमेव सर्वं सुखं स्वपत्नीं कनकं स्वभूमिम् ।
त्यजन्ति वीरा न शुचं धरन्ति प्रियं स्वदेशादधिकं न तेषाम् ॥

અર્થ—ધન, ઘર, સમસ્ત જીવન, સુખ, પોતાની પત્ની, સુવર્ણ અને પોતાની જમીનને વીર પુરૂષો તજે છે અને શોચ કરતા નથી. પોતાના દેશ કરતાં તેમને કંઇ અધિક પ્રિય નથી. ૩

स्वातन्त्र्यलाभाय यदा प्रवृत्तं युद्धं समन्तादिह भारतेऽस्ति ।
तदा प्रमादात्सदने विलीनं हीनं मनुष्यं सततं धिगस्तु ॥ ४ ॥

અર્થ—જ્યારે આ ભારતભૂમિમાં સ્વતંત્રતાની પ્રાપ્તિ અર્થે ચારે બાજુ યુદ્ધનો આરંભ થયો છે ત્યારે પ્રમાદને લીધે પોતાના ઘરમાં ભરાઇ બેઠેલ તુચ્છ મનુષ્યને સદા ધિક્કાર હો. ૪

मृत्युर्यदा निश्चित एव वर्तते देहो यदायं क्षणभंगुरस्तथा ।
तदा शरीरार्पणमत्र किं न हि कार्यं स्वदेशोन्नतिकारणे रणे ॥

અર્થ—જ્યારે આ જગત્‌માં મૃત્યુ નિશ્ચત જ છે અને આ દેહ ક્ષણભંગુર છે ત્યારે પોતાના રાષ્ટ્રની ઉન્નતિ કરનાર યુદ્ધમાં શા માટે પોતાના દેહનું બલિદાન ન આપવું જોઈએ ? ૫

इत्येव येषां हृदयेऽस्ति भावना सुखाय येषां नहि कापि कामना ।
तेषां कथं स्यान्मनसीहमन्दता कथं च नीतिः सफला भवेत् तव ॥

અર્થ—આ પ્રમાણે જ જેમના હૃદયમાં ભાવના છે અને સુખને માટે જેમને ઇચ્છા નથી તેમના મનમાં આ જગતમાં મન્દતા કેમ થાય અને તારી નીતિ કેમ સફળ થાય ? ૬

महामतिर्विठ्ठलभाइनामा धारासभायाः प्रमुखः पटेलः ।
पदं महामानकरं विहाय स्वदेशसेवारतमानसोऽभूत् ॥ ७ ॥

અર્થ—વડી ધારાસભાના મહાબુદ્ધિમાન્ પ્રમુખ શ્રીયુત વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલે માનભરી મોટી પદવી છોડીને સ્વદેશ સેવામાં પોતાનું ચિત્ત લગાડયું. ૭

सहेत दुःखं निजदेशकारणे
गच्छेत्सहर्षः किल बंधनालयम् ।
धर्मोऽस्त्ययं भारतवासिनां शुभो
यावत्स्वराज्यं नहि लभ्यतेऽखिलम् ॥ ८ ॥

અર્થ—પોતાના દેશને માટે દુઃખ સહન કરવું અને આનંદપૂર્વક જેલમાં જવું, એ જ્યાં સુધી પૂર્ણ સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી ભારતવાસીઓનો શુભ ધર્મ છે. ૮

एतादृशं वचो रम्यं वदनाद्यस्य गच्छति ।
स पटेलः प्रजातोऽस्ति सत्याग्रहचमूपतिः ॥ ९ ॥

અર્થ—જેના મુખમાંથી આવું સુંદર વચન નીકળે છે એવા શ્રીયુત પટેલ સત્યાગ્રહની સેનાના સેનાપતિ બન્યા છે. ૯

मद्यपाननिषेधाय मदिरापणसन्निधौ ।
वारयन्ति विवेकेन ललना मद्यपांस्ततः ॥ १० ॥

અર્થ—મદ્યપાન અટકાવવાને દારૂની દુકાન પાસે ઉભીને સ્ત્રીઓ દારૂડીયાઓને વિવેકથી દારૂ પીતા અટકાવે છે. ૧૦

बहिष्कारो विदेशीयवस्त्राणां क्रियते तथा ।
मालवीयाभिधो वर्यः पण्डितस्तत्र यत्नवान् ॥ ११ ॥

અર્થ—તથા વિદેશી વસ્ત્રનો બહિષ્કાર કરાય છે; પંડિત મદનમોહન માલવીયાજી તે માટે યત્ન કરી રહ્યા છે. ૧૧

नगरान्नगरं गत्वा कुरुते स तु भाषणम् ।
व्यापारिमंडलैश्चापि निश्चयोऽकारि तत्कृते ॥ १२ ॥

અર્થ—પંડિતજી એક શહેરથી બીજે શહેર જઇ તે માટે ભાષણ કરે છે અને વેપારીઓની મંડળીઓએ તે માટે ઠરાવ કર્યો છે. ૧૨

नियमान् सकलान् भंक्तुं प्रयत्नो गांधिसैनिकैः ।
क्रियते च निपात्यन्ते तालीखर्जूरशाखिनः ॥ १३ ॥

અર્થ—ગાંધીજીના સૈનિકો તારા બધા કાયદા તોડવાને યત્ન કરી રહ્યા છે. અને તાડ અને ખજુરીના ઝાડને પાડી નાંખે છે. ૧૩

ब्रिटान्योवाच

स्वदेशिमद्यपानस्य निषेधः क्रियते खलु ।
न हानिर्मम कापि स्यान्महती तेन रूटर ॥ १४ ॥

બ્રિટાન્યા કહે છે—હે રૂટર, ભારતભૂમિમાં સ્વદેશી દારૂ પીવાનો ખરેખર નિષેધ થઈ રહ્યો છે, એટલે મને કંઇ મોટી હાનિ થતી નથી. ૧૪

ब्राह्मणाः क्षत्रिया वैश्या मद्देशोद्भवमासवम् ।
पिबन्त्यमृतवत्केचिन्महार्घं हर्षमागताः ॥ १५ ॥

અર્થ—કેટલાક બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વાણીયાઓ મારા દેશમાં ઉત્પન્ન થએલ ઘણા કિંમતી દારૂને અમૃતની માફક હર્ષથી પીએ છે. ૧૫

धर्मपत्न्यो यदा तेषां मद्यपाननिवारणम् ।
करिष्यन्ति तदा भीतिर्मामकीना भविष्यति ॥ १६ ॥

અર્થ—જ્યારે તેમની ધર્મપત્નીઓ મારા દેશના દારૂને પોતાના ઘરમાં આવતો અટકાવશે, અર્થાત્ પોતાના પતિઓને વિદેશી દારૂ ન પીવા દેવા માટે પીકેટિંગ કરશે ત્યારે મને ભય લાગશે ( પણ હિન્દમાં બેચાર આનાનો દેશી દારૂ પીતા ગરીબ મજુરોને અટકાવવાથી મને કંઈ ડર નથી લાગવાનો. ) ૧૬

यावद् व्यापारिणां गेहे विदेशिवस्त्रसञ्चयः ।
तावदेव बहिष्कारो भविष्यत्येव रूटर ॥ १७ ॥

અર્થ—જ્યાં સુધી હે રૂટર, હિન્દના વેપારીઓના ઘરમાં વિદેશી માલનો સંગ્રહ છે ત્યાં સુધીજ તેઓ ખરેખર બહિષ્કાર કરશે. ૧૭

विदेशोद्भववस्त्रेषु स्वदेशिनाममुद्रणम् ।
कृत्वा तद्विक्रयं प्रायः करिष्यन्ति न संशयः ॥ १८ ॥

અર્થ—( તે પછી એટલે વિદેશી માલ વેચાઇ ગયા પછી ) પરદેશી વસ્ત્રપર સ્વદેશીની છાપ મારી હિન્દી વેપારીઓ તે વેચશે એમાં શક નથી. ૧૮

पुरैवं बहुशो नूनं कृतं व्यापारिभिस्ततः ।
बहिष्कारो न साफल्यं गन्तुमर्हति रूटर ॥ १९ ॥

અર્થ—હે રૂટર, ખરેખર ભારતના વેપારીઓએ આગળ ઘણીવાર આમ કરેલું છે, તેથી વિદેશી વસ્ત્રનો બહિષ્કાર સફળતાને પામવા યોગ્ય નથી. ૧૯

इतिश्रीसत्याग्रहगीतायां सत्याग्रहविविधप्रवृत्तिनिवेदनं नाम
तृतीयोऽध्यायः ॥

---

## अथ चतुर्थोऽध्यायः ।

### ब्रिटान्योऽवाच

कीदृशः किंप्रभावश्च महात्मा गांधिरस्ति सः ।
अधिकृत्य महात्मानं किं त्वयाश्रावि रूटर ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે: હે રૂટર, એ મહાત્મા ગાંધી કેવા છે અને તેમનો કેવો પ્રભાવ છે તે વિષે તેં શું સાંભળ્યું છે ? ૧

### रूटर उवाच

यं पूज्यभावात्सकला नमन्ति चारित्र्यशुद्धिः परमा यदीया ।
आध्यात्मिकं यस्य महद् बलं च न येन तुल्यो भुवि कोऽपि मर्त्यः ॥
नेतृत्वमासाद्य यदीयमेव भवन्ति शूरा इह कातरा ये ।
गांधिर्महात्मा विमलाशयोऽसौ कीर्तिर्यदीया भुवनं पुनाति ॥

રૂટર કહે છે: જેને પૂજ્ય ભાવથી સર્વ લોકો નમે છે જેનાં ચારિત્ર્યની શુદ્ધિ અતુલ છે, જેનું આધ્યાત્મિક બલ મહાન્ છે, જેના સમાન આ દુનિયામાં કોઇ માણસ નથી જેનું નેતૃત્વ પ્રાપ્ત

કરીને કાયર માણુસો શૂરવીર બને છે, જેની કીર્તિ જગતને પાવન કરે છે, અને જેના આશયો પવિત્ર છે એવા તે મહાત્મા ગાંધીજી છે. ૨–૩.

स इन्द्रियाणां नहि सौख्यमिच्छति स विश्ववित्तं च तृणाय मन्यते ।
तस्मै प्रशंसा न कदापि रोचते न गर्हणात्तस्य भयं प्रजायते ॥ ४ ॥

અર્થ—તે મહાત્માજી ઇન્દ્રિયોના સુખને ઇચ્છતા નથી, આખા જગતની સંપત્તિને તુચ્છ સમજે છે, તેને પ્રશંસા ગમતી નથી અને તેને નિંદાથી ભય થતો નથી. ૪

स सत्याचरणे रक्तः प्रेमपूर्णं च तन्मनः ।
सर्वेषामिह कल्याणं सदा वांछति चेतसि ॥ ५ ॥

અર્થ—તે સત્ય આચરણમાં રક્ત છે, તેનું મન પ્રેમથી ભરેલું છે; હંમેશાં બધા માણસોનું કલ્યાણ તે પોતાનાં મનમાં ઇચ્છે છે.

भारतीयां दशां दीनां हीनां दृष्ट्वा स सर्वतः ।
अहिंसाशस्त्रमादाय सत्याग्रहरतोऽभवत् ॥ ६ ॥

અર્થ—હિંદુસ્થાનની ચારે બાજુએથી દીન તથા હીન દશા જોઇને તે મહાત્માજી અહિંસારૂપી શસ્ત્ર ધારણ કરી સત્યાગ્રહ કરવા તૈયાર થયા છે. ૬

नहि निष्फलताभीतिः स्वकार्यनिरतात्मनः ।
तस्यास्ति जीवनं लोके स्वधर्मपरिपालनम् ॥ ७ ॥

અર્થ—પોતાના કાર્યમાં આસક્ત એવા તે મહાત્માજીને નિષ્ફળતાની ભીતિ નથી. પોતાના કર્તવ્યનું પાલન એ એમનું આ દુનિયામાં જીવન છે. ૭

स्वदेशसमरे मृत्युर्न मृत्युरिति कथ्यते ।
स एव जीवनं सत्यमिति जानात्यसौ सदा ॥ ८ ॥

અર્થ—પોતાના દેશ માટેના સંગ્રામમાં મૃત્યુ થાય એ મૃત્યુ નથી કહેવાતું પણ તેજ ખરૂં જીવન છે એમ એ મહાત્માજી હંમેશાં જાણે છે. ૮.

वीरा वीरोचितं मृत्युं लभन्ते रणमूर्धनि ।
म्रियन्ते सदने लोके काकाः कापुरुषा इह ॥ ९ ॥
इति जानन् महात्मासौ सत्याग्रहपरायणः ।
भूत्वा प्राणार्पणं कर्तुं स्वदेशार्थं समीहते ॥ १० ॥

અર્થ—" વીર પુરૂષો રણસંગ્રામને મોખરે રહીને વીરને છાજે એવા મૃત્યુને પામે છે, આ દુનિયામાં કાગડાઓ અને કાયર માણસો જ પોતાના ઘરમાં પડયા પાડયા મરે છે." એમ જાણતા તે મહાત્માજી પોતાના દેશને માટે સત્યાગ્રહરૂપી યુદ્ધમાં પરાયણ થઇ પ્રાણાર્પણ કરવા ઇચ્છે છે. ૯ ૧૦

वदन्ति बहवः किन्तु न कुर्वन्ति यथोदितम ।
महात्मा कुरुतेऽसौ तु यत्किंचिद् भाषते वचः ॥ ११ ॥

અર્થ—ઘણા માણસો બોલે છે પણ કરતા નથી; પણ તે મહાત્માજી જે કંઈ બોલે છે તે કરે છે. ૧૧

सर्वेषां हृदये तस्य सर्वदा वर्तते स्थितिः ।
स महात्मा निबद्धोऽपि स्वतंत्रो विद्यते सदा ॥ १२ ॥

અર્થ—સર્વેના હૃદયની અંદર હંમેશાં તેની સ્થિતિ છે તે મહાત્મા ગાંધીજી બંધન પામ્યા છતાં સદા સ્વતંત્ર છે. ૧૨

श्रद्धाया नहि लेशोऽस्ति त्वयि तस्य महात्मनः ।
तव सत्ताविरोधाय सयत्नः सततं ततः ॥ १३ ॥

અર્થ—તે મહાત્માજીને તારી અંદર જરા શ્રદ્ધા નથી; તેથી તારી સત્તાનો વિરોધ કરવા હંમેશાં યત્ન કરે છે. ૧૩

तच्छरीरं त्वया बद्धुं शक्यतेऽत्र तथापि सः ।
त्वद्राज्यस्य महाशत्रुस्तदात्मा नैव बध्यते ॥ १४ ॥

અર્થ—તેનાં શરીરને બંધનમાં નાંખવું શકય છે પણ તારા રાજ્યને મહાન્ વિરોધી એવો તેનો તે આત્મા કદી બંધન પામી શકતો નથી. ૧૪

अमेरिकायुरोपादिलोकानां हृदयानि च ।
जितानि सन्ति तेनैव कस्तेन सदृशः क्षितौ ॥ १५ ॥

અર્થ—અમેરિકા અને યુરોપાદિ દેશના લોકોનાં હૃદયો તેના વડે જ જિતાયાં છે; પૃથ્વીમાં તેના સમાન કોણ છે ? ૧૫

निःशस्त्रोऽपि महात्मासौ विद्यते बलवत्तमः ।
सर्वशस्त्रसमेतायास्तव भीतिस्ततः परा ॥ १६ ॥

અર્થ—એ મહાત્મા ગાંધીજી પાસે હથિયાર નથી તો પણ તે સૌથી વધારે બળવાન્ છે, સર્વ શસ્ત્રથી યુક્ત હોવા છતાં તુંને પણ તેમનાથી મોટો ભય લાગે છે. ૧૬

शांतिधर्मप्रचाराय हिंसानिवारणाय च ।
जायन्ते विरला लोके सज्जना गांधिसन्निभाः ॥ १७ ॥

અર્થ—શાન્તિ ધર્મના પ્રચાર માટે અને હિંસા થતી અટકાવવા માટે આ દુનિયામાં ગાંધી મહાત્મા જેવા સજ્જનો વિરલ જન્મે છે. ૧૭

इति श्रीसत्याग्रहगीतायां गांधिगुणप्रशंसा नाम चतुर्थोऽध्यायः ॥

## अथ पञ्चमोऽध्यायः

### गांधिकारावासगमनम् ।

ब्रिटान्योवाच

राजद्रोहविनाशाय हिंसानिवारणाय च ।
स्वीकृते नियमे घोरे मुद्रणांकुशकारके ॥ १ ॥
का स्थितिर्भारते जाता किं वा लोकमतं सखे ।
परमं कौतुकं मेऽस्ति कथ्यतां तेन रूटर ॥ २ ॥

બ્રિટાન્યા કહે છે–હે મિત્ર રૂટર, રાજદ્રોહનો નાશ કરવાને તથા હિંસા થતી અટકાવવા માટે મેં સખ્ત પ્રેસ એકટ જાહેર કર્યો, ત્યારે હિન્દુસ્થાનમાં શી સ્થિતિ થઇ છે અને લોકોનો શો મત છે; તે વિષે તે તું મને કહે. ૧–૨

रूटर उवाच

अविचारकृतं कर्म निन्दन्ति सुधियो भृशम् ।
तेनाराजकता नूनं वृद्धिमेष्यति भारते ॥ ३ ॥

निहन्तुं तु समाचारपत्रस्वातंत्र्यमेव चेत् ।
वांछना राजतंत्रस्य दोषोऽसौ वर्तते महान् ॥ ४ ॥

महामतिः पटेलोऽपि वदतीति विचारतः ।
महात्मनस्तथान्येषां विरोधो विद्यते महान् ॥ ५ ॥

समाचारस्य पत्राणि विरमन्ति प्रकाशनात् ।
कानिचिद् भारते तस्मात् क्रियतां समयोचितम् ॥ ६ ॥

રૂટર કહે છેઃ—સદ્‌બુદ્ધિવાળા માણસો તારા આ અવિચારથી કરાયલા કાર્યને નિન્દે છે; ભારતભૂમિમાં તેથી અંધેરનો વધારો થશે. સમાચારપત્રની સ્વતન્ત્રતાને દાબી દેવાની જ જો સરકારની ઇચ્છા હોય તો તેમાં એની મોટી ભૂલ થાય છે. મહા-

બુધ્ધિમાન્ પટેલ સાહેબ પણ એમજ વિચારપૂર્વક કહે છે. મહાત્મા ગાંધીજી અને બીજાઓને તારા એ કૃત્ય માટે મોટો વિરોધ છે. કેટલાંક સમાચારપત્રો બહાર પડતાં અટકી પડે છે. માટે સમયને ઉચિત હોય તે કરો. ૩-૪-૫-૬.

ब्रिटान्योवाच

विरोधान्न भयं किंचिन्मदीयमुपजायते ।
स्थित्यर्थं मम राज्यस्य सेनास्ति तत्परा यतः ॥ ७ ॥

બ્રિટાન્યા કહે છે—હે રૂટર, મને વિરોધનો ભય લાગતો નથી; કારણ કે મારા રાજ્યની સ્થિતિ માટે મારી સેના તત્પર છે. ૭

धरासणाभियोगाय तत्परः स मदाज्ञया ।
नीतः किं बन्धनागारं महात्मा वद रूटर ॥ ८ ॥

અર્થ—ધરાસણામાં હલ્લો કરવાને તત્પર થએલા તે મહાત્માજીને મારી આજ્ઞાથી જેલમાં મોકલવામાં આવ્યા કે નહિ? તે હે રૂટર મને કહે. ૮

रूटर उवाच

भीर्यस्य मृत्योरपि नो कदाचन कथं बिभीयात्स तु बन्धनालयात् ।
धृतः सहर्षस्तव राजपूरुषैरगान्महात्मा निशि बन्धनालयम् ॥ ९ ॥

રૂટર કહે છે—જેને મૃત્યુથી પણ ભય નથી તે કારાગૃહથી કેમ બીએ? તારા અધિકારીઓ વડે રાત્રિના પકડાયલા એ મહાત્મા ગાંધીજી હર્ષપૂર્વક કારાવાસમાં જતા હવા. ૯

प्राय एवंविधस्तस्य सन्देशः सैनिकान् प्रति ।
संज्ञार्थं कथयाम्येनं श्रूयतां ध्यानपूर्वकम् ॥ १० ॥

અર્થ—એ મહાત્માજીનો પોતાના સૈનિકો પ્રતિ આ પ્રમાણેનો સંદેશ હતો; તારી જાણ માટે તુંને હું કહું છું; તે ધ્યાનપૂર્વક સાંભળ. ૧૦

येन केन प्रकारेण न शांतिस्त्यज्यतामिति ।
मामकः शुभसन्देशः पाल्यतां सकलैर्जनैः ॥ ११ ॥

અર્થ-"કોઇ પણ પ્રકારે શાંતિને છોડો નહીં." આ મારા શુભ સંદેશને સર્વ માણસો પાળજો. ૧૧

लप्स्यन्ते सकला लोकाः पाठं तत्परिपालनात् ।
स्वराज्यं वर्तते नूनं सन्निधौ तेन वः सदा ॥ १२ ॥

અર્થ-તેનું પાલન કરવાથી સર્વ લોકોને પાઠ મળશે; ખરેખર તેથી સ્વરાજ્ય હંમેશાં નજીકમાં રહે છે. ૧૨

स्वमानो विद्यते सर्वो लवणे मुष्टिसंस्थिते ।
दातव्यं न कदाचित्तत् प्राणैः कण्ठगतैरपि ॥ १३ ॥

અર્થ-મુઠ્ઠીમાં સમાયેલ મીઠામાં આપણું બધું સ્વમાન રહેલું છે. પ્રાણ કંઠમાં આવે તો પણ તે પોલીસને આપવું નહીં જોઇએ. ૧૩

मम मित्रैर्न भेतव्यं मयि बद्धे कदाचन ।
अस्मद्युद्धस्य नेता तु नाऽहं किन्तु प्रभुर्महान् ॥ १४ ॥

અર્થ-મારા પકડાવાથી મારા મિત્રોએ કદિ ડરવું નહીં; કારણ કે આપણા યુદ્ધનો નેતા હું નથી, પણ મહાન્ પરમેશ્વર છે. ૧૪

स एव सर्वभूतानां हृद्देशे खलु तिष्ठति ।
अस्माकं यदि विश्वासः सोऽस्मान् नेष्यति शक्तिमान् ॥

અર્થ-તેજ ખરેખર સર્વ પ્રાણીઓના હૃદયમાં વસે છે. આપણો વિશ્વાસ હશે તો તે શક્તિમાન્ પ્રભુ આપણને દોરશે. ૧૫

भञ्जन्तु नियमं सर्वे लावणं तु सहस्रशः ।
मद्यपाननिषेधार्थं प्रयत्नश्च विधीयताम् ॥ १६ ॥

અર્થ–હજારોની સંખ્યામાં બધા માણસો મીઠાનો કાયદો તોડો; મદ્યપાન નિષેધ માટે યત્ન કરો. ૧૬

क्रियतां तंतुकार्यं च विदेशिवस्त्रसञ्चयः ।
अग्निसात्क्रियतां कोऽपि मास्पृश्यो गण्यतामिह ॥ १७ ॥

અર્થ–સૌ કાંતવાનું કામ કરો અને પરદેશી વસ્ત્રોને અગ્નિને સ્વાધીન કરો. આ દુનિયામાં કોઇને અસ્પૃશ્ય નહિ ગણો. ૧૭

पाठशालापरित्यागः कार्यो विद्यार्थिभिस्तथा ।
राज्याधिकारिभिस्त्याज्यं पदं नागरिकेशवत् ॥ १८ ॥

અર્થ–વિદ્યાર્થીઓએ નિશાળ છોડવી અને સરકારી અમલદારોએ પોલીસ પટેલોની માફક પોતાનો હોદ્દો છોડી દેવો. ૧૮

स्वदेशस्य तु सेवायां भवन्तु दत्तमानसाः ।
एवं कृते भवत्पूर्णं स्वराज्यं हस्तगोचरम् ॥ १९ ॥

અર્થ–બધા પોતાના દેશની સેવામાં ચિત્ત લગાડે; આમ થશે તો પૂર્ણ સ્વરાજ્ય હાથમાં આવશે ૧૯

समाचारमिमं श्रुत्वा समस्ता भारते जनाः ।
अत्यजन् निजकार्याणि यावत्ते दिवसद्वयम् ॥ २० ॥

અર્થ–મહાત્માજીની ગિરફ્તારીના આ સમાચાર સાંભળીને હિન્દુસ્થાનમાં બધા માણસોએ બે દિવસ સુધી હડતાળ પાડી હતી. ૨૦

महती लोकयात्रासीत् तन्मानार्थं च भारते ।
नेतारो विविधा रम्यमकुर्वन् भाषणं तथा ॥ २१ ॥

અર્થ–મહાત્માજીના માનને માટે આખા ભારત દેશમાં મોટાં મોટાં સરઘસો નીકળ્યાં હતાં અને જુદા જુદા નેતાઓએ સુંદર ભાષણ કર્યું હતું. ૨૧

न केषांचिन्मुखे ग्लानिस्तदादृश्यत किन्तु ते ।
आप्नुवन् परमोत्साहं बद्धे गांधिमहात्मनि ॥ २२ ॥

અર્થ-જ્યારે ગાંધી મહાત્મા જેલવાસમાં ચાલ્યા ગયા, ત્યારે કોઇના મુખપર ગ્લાનિ જણાઇ ન હતી, પણ તેઓ પરમ ઉત્સાહને પામ્યા હતા. ૨૨

सत्याग्रहमहायुद्धं न व्यक्तिमवलम्बते ।
सिद्धान्ताधीनमेवास्ति ततो नाशा विनश्यति ॥ २३ ॥

અર્થ-સત્યાગ્રહરૂપી મહાયુધ્ધ અમુક વ્યક્તિને આધારે નથી, પણ સિદ્ધાન્તને જ આધીન છે, તેથી મહાત્માજી જેવા નેતા ગયા છતાં તેમની આશા નષ્ટ થતી નથી.

महात्मनोऽप्यसांनिध्ये शांतिभगो न जायते ।
भवन्ति कारणं तस्य त्वदीया अधिकारिणः ॥ २४ ॥

અર્થ-મહાત્માજીની ગેરહાજરીમાં પણ શાન્તિભંગ થતો નથી; તારા અધિકારીઓ શાન્તિભંગનું કારણ થાય છે. ૨૪

अब्बासस्तत्परो जातो गांधिकार्यसमापने ।
किन्त्वसौ बन्धनागारमाप्नोत्त्वदाज्ञया द्रुतम् ॥ २५ ॥

અર્થ-ગાંધીજીનું કાર્ય પૂર્ણ કરવાને ન્યાયમૂર્તિ અબ્બાસ તૈયબજી તૈયાર થયા, પણ તારી આજ્ઞાને લીધે તેઓ પણ સત્વર બંધનાલયને પ્રાપ્ત થયા. ૨૫

सरोजिनी गता देवी तत्पदं लब्धुमेव सा ।
सैनिकैरन्विता शीघ्रं युद्धोत्साहस्तु वर्धते ॥ २६ ॥

અર્થ-તેનું સ્થાન ગ્રહણ કરવાને દેવી સરોજિની નાયડુ પોતાના સૈનિકો સાથે સત્વર ગયાં; યુધ્ધ માટેનો ઉત્સાહ આ રીતે વધી રહ્યો છે. ૨૬

त्वदीयैः सैनिकै रुद्धा सा देवी तु सरोजिनी ।
क्षुधातृषाभवं दुःखमसहिष्टैकवासरम ॥ २७ ॥

અર્થ—તારા સિપાઇઓ વડે ઘેરાયલી દેવી સરોજિનીએ ( પોતાના સૈનિકો સાથે ) ભૂખ અને તરસની પીડા એક દિવસ સુધી સહન કરી હતી. ૨૭

न हि शान्तिः परित्यक्ता तथापि गांधिसैनिकैः ।
तेषां जातो जयो लोके त्वदीयश्च पराजयः ॥ २८ ॥

અર્થ—તો પણ ગાંધીજીના સિપાઇઓએ શાન્તિનો ત્યાગ કર્યો નહિ; આ જગતમાં તેમનો જય થયો છે, અને તારો પરાજય થયો છે. ૨૮

ब्रिटान्योवाच

भाषणं कुर्वतां तेषां कालो भारतवासिनाम् ।
व्यतीतो बहुलः किन्तु न कुतोऽस्ति पराक्रमः ॥ २९ ॥

બ્રિટાન્યા કહે છે—ભાષણો કરતાં કરતાં ભારતવાસીઓનો ઘણો સમય ચાલ્યો ગયો છે પણ કોઇથી પરાક્રમ થયું નથી. ૨૯

देशिराजसमूहस्तु मत्पक्षे निरतः सदा ।
हिन्दुमुस्लिमभेदार्थं मौलानायुगलं रतम् ॥ ३० ॥

અર્થ—દેશી રાજાઓનો સમૂહ તો હંમેશાં મારા પક્ષમાં રહ્યો છે અને હિન્દુ મુસલમાનમાં ભેદ કરાવવા માટે મૌલાના શૌકત અલી ને મહમદઅલીની જોડી યત્ન કરી રહી છે. ૩૦

अतो निष्फलतां नूनं गांधिसेनामनोरथाः ।
गन्तुमर्हन्ति जानामि सखे रूटर सत्वरम् ॥ ३१ ॥

અર્થ—હે મિત્ર રૂટર, એથી ખરેખર ગાંધીજીની સેનાના મનોરથો સત્વર નિષ્ફળતાને પામવા યોગ્ય છે, એમ હું જાણું છું ૩૧.

इति श्रीसत्याग्रहगीतायां गांधिकारावासगमनं नाम पञ्चमोऽध्यायः ॥

NATIONAL ARCHIVES LIBRARY
No 847
Date 22.12.71

# अथ षष्ठोऽध्यायः

## सत्याग्रहमीमांसा ।

### ब्रिटान्योवाच

कोऽर्थः सत्याग्रहस्यास्ति काः सत्याग्रहिभावनाः ।
ब्रूहि मे वांछना श्रोतुं सखे रूटर विस्तरात् ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે:—હે રૂટર, સત્યાગ્રહનો શો અર્થ છે અને સત્યાગ્રહીની કઈ ભાવના હોય છે, તે મને કહે. મારી તે સાંભળવાની ઇચ્છા છે. ૧

### रूटर उवाच

सत्याग्रहकृते तेषामधिकारो न वर्तते ।
कातराः सन्ति ये मर्त्या मरणाद्ये च बिभ्यति ॥ २ ॥

રૂટર કહે છે:—જેઓ બાયલા હોય છે અને મરણથી ડરે છે તેમને સત્યાગ્રહ માટે અધિકાર નથી-૨

सत्याग्रही नरो लोके न द्वेष्टि न च कुप्यति ।
क्षमया दयया किन्तु सहते वेदनां मुदा ॥ ३ ॥

અર્થ:—સત્યાગ્રહી નર કોઇનો દ્વેષ નથી કરતો અને ગુસ્સો નથી કરતો. પણ ક્ષમા અને દયાને લીધે આનંદથી જાતે વેદના સહન કરે છે. ૩

अन्यायं सहते नैव तद्वशं नहि गच्छति ।
तदंगीकारणे क्लैब्यमिति जानाति सर्वदा ॥ ४ ॥

અર્થ:—તે અન્યાયને કદી સહન કરતો નથી અને તેને તાબે થતો નથી. અન્યાયને સ્વીકારવામાં બાયલાપણું છે, એમ તે હંમેશાં જાણે છે. ૪

आत्मभोगस्य मूल्यं तु परभोगाद्विशिष्यते ।
सत्यं सिसेविषुर्दुःखं स सोढुं तत्परः सदा ॥ ५ ॥

અર્થ:—આત્મભોગનું મૂલ્ય પરભોગથી વધારે છે; સત્યનું સેવન કરવાની ઇચ્છાવાળો તે હંમેશાં દુ:ખ સહન કરવાને તૈયાર રહે છે. ૫

शरीरस्य बलादस्ति श्रेष्ठमात्मबलं क्षितौ ।
सत्यं रिरक्षिषुस्तस्मात् स जयं लभते नरः ॥ ६ ॥

અર્થ:—આ પૃથ્વીપર શરીરનાં બળ કરતાં આત્મબળ શ્રેષ્ઠ છે; તેથી સત્યની રક્ષા કરવાની ઇચ્છાવાળો, સત્યાગ્રહી નર જય પામે છે. ૬

सत्यस्य रक्षणायैव स याति बंधनालयम् ।
प्रविशत्यनलं चापि मज्जत्यंभोनिधावपि ॥ ७ ॥

અર્થ:—સત્યનાં રક્ષણને માટે જ તે જેલખાને જાય છે, અગ્નિમાં પ્રવેશ કરે છે અને સમુદ્રમાં ડુબે છે-૭

सत्याग्रहमयं यस्य हृदयं खलु विद्यते ।
विजयो जायते तस्य प्रभुस्तस्य सहायवान् ॥ ८ ॥

અર્થ:—જેનું હૃદય ખરેખર સત્યાગ્રહથી ભરપૂર છે તેનો વિજય થાય છે. કારણ કે પરમાત્મા તેનો મદદગાર થાય છે-૮

पशुत्वादधिकं किंचिन्मनुष्येष्वत्र वर्तते ।
इति जानन् भवेद्योग्यः सत्याग्रहाय मानवः ॥ ९ ॥

અર્થ:—આ જગતમાં પશુત્વ કરતાં કંઇક અધિક વસ્તુ માણસોમાં છે. એમ જાણનાર માણસ સત્યાગ્રહને માટે યોગ્ય ગણાય છે-૯

सत्याग्रहिनरस्यैवं भावनाः सन्ति चेतसि ।
ब्रिटान्ये श्रूयतां तस्मात्सावधानतयाधुना ॥ १० ॥

અર્થ:-હે બ્રિટાન્યા, સત્યાગ્રહી માણસના દિલમાં આ પ્રમાણે ભાવના હોય છે, તે હવે તું સાવધાનપણે સાંભળજે. ૧૦

ईश्वरे महती श्रद्धा ममासौ मार्गदर्शकः ।
न मया क्रियते किंचिन्निमित्तमेव चास्म्यहम् ॥ ११ ॥

અર્થ:—પરમાત્મામાં મને પરમ શ્રદ્ધા છે, તે મારો માર્ગ-દર્શક છે, હું કંઇ કરતો નથી, હું તો નિમિત્ત જ છું. ૧૧

मदीये हृदये तस्य देवस्य वर्तते स्थितिः ।
न बिभेमि ततोऽहं तु यमादपि कदाचन ॥ १२ ॥

અર્થ:—મારા હૃદયમાં તે પરમાત્માનું સ્થાન છે તેથી હું તો કદી યમરાજાથી પણ ડરતો નથી. ૧૨

बलिदानं शरीरस्य दातुं देशहिताय मे ।
निश्चयो विद्यते पूर्णः कुतोऽपि न बिभेम्यहम् ॥ १३ ॥

અર્થ:—મારા દેશના કલ્યાણ માટે મારા શરીરનું બલિદાન આપવાનો મારો પૂર્ણ નિશ્ચય છે. હું કયાંય પણ બીતો નથી. ૧૩

धर्मपालनकालोऽयं मामकः समुपस्थितः ।
ईश्वरस्य प्रसादोऽयं यन्म्रिये देशकारणे ॥ १४ ॥

અર્થ:—મારો ધર્મ બજાવવાનો આ વખત આવ્યો છે. આ ઈશ્વરની મારાપર કૃપા છે કે હું મારા દેશમાટે મરૂં છું. ૧૪

सद्भाग्यं परमं नूनं हर्षो मे हृदि जायते ।
यत्प्रसंगो मया प्राप्तो मर्तुं देशस्य कारणे ॥ १५ ॥

અર્થ:—ખરેખર મારૂં સદ્ભાગ્ય છે. મારા હૃદયમાં આનંદ થાય છે કે મારા દેશમાટે મરવાનો મને પ્રસંગ મળ્યો છે. ૧૫

अद्य मे जननी धन्या जन्म मे सफलं तथा ।
देशसेवाप्रसक्तस्य यन्मृत्युर्मम जायते ॥ १६ ॥

અર્થ:—આજે મારી માતાને ધન્ય છે. મારો જન્મ સફળ થયો છે કે દેશસેવા કરતાં મારૂં મરણ થાય છે. ૧૬

नेता नारायणो मेऽस्ति तस्याहं सैनिको मतः ।
स चिन्तां मे कुटुम्बस्य करिष्यति दयानिधिः ॥ १७ ॥

અર્થ:—મારો નેતા પરમાત્મા છે, હું તેનો સિપાઇ છું. તે દયાનિધિ ભગવાન્ મારા કુટુંબની ચિંતા કરશે. ૧૭

तत्प्रीतिं लब्धुकामोऽहं विविधां वेदनां सहे ।
तदाज्ञापालनं कर्तुं धर्मस्तु मम वर्तते ॥ १८ ॥

અર્થ:—તેની પ્રીતિ મેળવવા માટેની ઇચ્છાવાળો હું જુદી જુદી વેદના સહન કરૂં છું. તેની આજ્ઞા પાળવી એ તો મારો ધર્મ છે. ૧૮

इति श्रीसत्याग्रहगीतायां सत्याग्रहमीमांसा नाम षष्ठोऽध्यायः ।

---

## अथ सप्तमोऽध्यायः

### स्त्रीप्रवृत्तिः ।

ब्रिटान्योवाच

देव्यो भारतदेशस्य किं च कुर्वन्ति रूटर ।
सत्याग्रहमहायुद्धे वद विस्तरतः सखे ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે:—હે મિત્ર રૂટર, સત્યાગ્રહના મહાયુધ્ધમાં ભારતની દેવીઓ શું કામ કરી રહી છે તે મને વિસ્તારથી કહે. ૧

रूटर उवाच

कारावासं तु गच्छन्तं तनयं जननी प्रियम् ।
एवंकारं वचो ब्रूते राष्ट्रकल्याणतत्परा ॥ २ ॥

રૂટર કહે છેઃ—જેલખાને જતા પોતાના પ્રિય પુત્રને માતા રાષ્ટ્રનું કલ્યાણ કરવાને તત્પર થઇને આ પ્રમાણે કહે છે. ૨

कृता कृतार्थां जननी त्वयाद्य यद्देशकृत्ये सुत बंधनं गतः ।
चिन्तां मदीयां मनसीह मा कृथास्त्वं मातृभूमिं परिचिन्तयेः सदा ॥

અર્થઃ—હે પુત્ર, આજે તેં તારી માતાને કૃતાર્થ કરી છે કે તું દેશને માટે જેલવાસી થયો છે, તારા મનમાં મારી ચિંતા નહીં કરજે, પણ તારી માતૃભૂમિનું ચિંતન હંમેશાં કરજે. ૩

भंक्त्वा तद्बंधनं पुत्र गृहमागच्छ हर्षतः ।
देशसेवारतो वत्स यावज्जीवं भवेस्तथा ॥ ४ ॥

અર્થઃ—હે પુત્ર, માતૃભૂમિનાં બંધનને તોડીને આનંદથી ઘેર આવજે અને આજીવન તારા દેશની સેવામાં આસક્ત થજે. ૪

एवं स्वतनयेष्वेताः सिञ्चन्ति राष्ट्रभावनाम् ।
ईडयन्ति गुणांस्तासां मानवा विस्मयान्विताः ॥ ५ ॥

અર્થઃ—આ પ્રમાણે એ માતાઓ પોતાના પુત્રોની અંદર રાષ્ટ્રભાવનાનું સિંચન કરે છે; માણસો વિસ્મય પામીને તેમના ગુણોને વખાણે છે. ૫

मातृणां वचने कापि दिव्यशक्तिः प्रवर्तते ।
कातरा अपि शूराः स्युः श्रावं श्रावं तु तद्वचः ॥ ६ ॥

અથઃ—માતાઓનાં વચનમાં કોઇ દિવ્યશક્તિ પ્રવર્તી રહી છે; તેમના વચનને વારંવાર સાંભળીને બાયલાઓ પણ બહાદુર બની જાય છે. ૬

इयं मदीया प्रियमातृभूमिरियं मदीया प्रियमातृभूमिः ।
सर्वस्वमेतन्मम तत्कृतेऽस्ति वीरांगनानां मनसीति भावः ॥७॥

અર્થ:—"આ મારી માતૃભૂમિ છે, આ મારી માતૃભૂમિ છે, મારૂં સર્વસ્વ તેને માટે છે," આ પ્રમાણે ભારતની વીરાંગનાઓની ભાવના છે. ૭

धरासणाभियोगाय नेतृत्वं भूषयन्ती सा ।
सरोजिन्यपि हर्षेण बन्धनातिथितामयात् ॥ ८ ॥

અર્થ:—ધરાસણાના અગર પર ધાડ પાડવા માટે નેતૃત્વને શોભાવતી દેવી સરોજિની નાયડુ પણ જેલખાનાના અતિથિપણાને હર્ષથી પામ્યા છે. ૮

लावणं नियमं भंक्तुं ययारंभः कृतः पुरा ।
अपि सा कमलादेवी गता ते बन्धनालयम् ॥ ९ ॥

અર્થ:—જેણે મીઠાનો કાયદો તોડવા માટે આરંભ કર્યો હતો તે શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાય પણ તારા જેલખાનાને પ્રાપ્ત થયા છે. ૯

धर्मपत्न्यपि सा गांधेः कस्तूरबाइनामका ।
कुरुते प्रबलं यत्नं महात्मादेशतत्परा ॥ १० ॥

અર્થ:—શ્રીમતી કસ્તુરબાઇ નામના ગાંધીજીના ધર્મપત્ની પણ તેમના આદેશ માટે તત્પર રહી પ્રબળ પ્રયત્ન કરી રહ્યા છે. ૧૦

पेरीनहंसायमुनाजयश्रीरमाश्च लक्ष्मीर्बहवस्तथापराः ।
नारंगवर्णाम्बरभूषिताः स्त्रियो विदेशिवस्त्रापणसंन्निधौ स्थिताः ॥

मुम्बानगर्यां मृदुचारुभाषितैर्विदेशिवस्त्रक्रयतोऽखिलाङ्गनान् ।
निवारयन्त्यः खलु विस्मयान्वितं कुर्वंति चेतस्त्वरितं प्रपश्यताम् ॥

અર્થ:—શ્રીમતી પેરીનબેન, શ્રીમતી હંસાબેન મહેતા, શ્રીમતી યમુનાબેન, શ્રીમતી જયશ્રીબેન, શ્રીમતી રમીબેન, કુમારી લક્ષ્મીબેન શુરજી વલ્લભદાસ, અને બીજી નારંગી રંગનાં વસ્ત્રોથી ભૂષિત થએલી ઘણી સ્ત્રીઓ મુંબઇ નગરીમાં પરદેશી કાપડની દુકાન આગળ ઉભી વિદેશી વસ્ત્ર ખરીદ કરતાં બધાં માણુસોને મૃદુ અને સુંદર વચનોથી અટકાવતી ખરેખર જોનારાઓનાં મનને શીઘ્ર વિસ્મયમાં નાંખી દે છે. ૧૧-૧૨

बहुषु नगरेष्वेवं भारते सेविकागणैः।
प्रयत्नः क्रियते कर्तुं त्वदीयं तु पराजयम् ॥ १३ ॥

અર્થ:—અને આ પ્રમાણે હિન્દુસ્થાનમાં ઘણા નગરોમાં સેવિકાસંઘ તારો પરાજય કરવાને યત્ન કરી રહ્યા છે. ૧૩

राष्ट्रभावयुताः सर्वास्तकलीतूलपाणयः।
तन्तुकार्यपरा देशसेवायां निरताः सदा ॥ १४ ॥

અર્થ:—બધી સ્વયંસેવિકાઓ રાષ્ટ્રભાવનાથી યુક્ત છે, તેમના હાથમાં તકલી અને રૂ છે, તેઓ કાંતવાનું કામ કરે છે અને હંમેશાં દેશસેવામાં આસક્ત છે. ૧૪

त्वदीया निर्दया नूनं सैनिका भामिनीगणम्।
ताडयन्तो भृशं दण्डैर्न लज्जन्ते कदाचन ॥ १५ ॥

અર્થ:—ખરેખર તારા નિર્દય સિપાઇઓ સ્ત્રી-સમુદાયને દંડાઓ વડે સખ્ત માર મારતાં કદિ શરમાતા નથી. ૧૫

अत्याचारः कृतो घोरो दिल्लीवीरमगामयोः।
धोलेरानगरे चापि ग्रामे बोरसदाभिधे ॥ १६ ॥

અર્થ:—દિલ્હી, વીરમગામ, ધોલેરા અને બોરસદ ગામમાં તારા સિપાઇઓએ તેમના પર અત્યાચાર કર્યો છે કે જેનુ વર્ણન ન થઇ શકે. ૧૬

नारीताडनसंभूतं मलिनं जायते यशः ।
विचारः क्रियतामत्र हितार्थं ते ब्रवीम्यहम् ॥ १७ ॥

અર્થ:—સ્ત્રીઓને મારવાથી યશ મલિન થાય છે. આ બાબતમાં વિચાર કરો. હું તારા હિત માટે કહું છું. ૧૭

इति श्रीसत्याग्रहगीतायां स्त्रीप्रवृत्तिर्नाम सप्तमोऽध्यायः ॥

---

## अथाष्टमोऽध्य :

### पटेलवाणी ।

#### ब्रिटान्योवाच

किं पटेलो ब्रवीत्यत्र राजनीतिविशारदः ।
सैनिकान् गांधिसेनाया नेतुं प्रोत्साहनं वद ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે:—હે રૂટર, ગાંધીજીની સેનાના સૈનિકોને પ્રોત્સાહન આપવા રાજનીતિવિશારદ શ્રીમાન્ પટેલ શું કહે છે તે મને કહે. ૧

#### रूटर उवाच

राज्यस्य खलु दोषोऽसौ यद्यशान्तिर्भवेदिह ।
अद्यान्तोऽर्व्विनराज्यस्य यष्टिराज्यं प्रवर्तते ॥ २ ॥

રૂટર કહે છે:—જો અશાન્તિ થાય તો તેમાં સરકારનો દોષ છે; આજે અર્વીન રાજ્યનો અંત આવ્યો છે અને લાઠીરાજ્ય પ્રવર્તી રહ્યું છે. ૨

निर्दोषा निर्दयं सर्वे सत्याग्रहपरायणाः ।
ताड्यन्ते तेन राज्यस्य घटः पापेन पूरितः ॥ ३ ॥

અર્થ::—સર્વે નિર્દોષ સત્યાગ્રહપરાયણ માણસોને દયાહીન રીતે મારવામાં આવે છે તેથી સરકારના રાજ્યનો ઘડો પાપોથી ભરાઈ ગયો છે. ૩

राज्याधिकारिणां कार्यो बहिष्कारो निरन्तरम् ।
धर्म एवायमस्माकं सत्यमेतद्‌ब्रवीम्यहम ॥ ४ ॥

અર્થ:—આપણે સરકારી અમલદારોનો હંમેશાં બહિષ્કાર કરવો જોઇએ. આ જ આપણો ધર્મ છે હું આ સત્ય કહું છું. ૪

अस्मिन् युद्धे सहाया ये न सन्ति शत्रवस्तु ते ।
यतो राष्ट्रहितायेदमस्मद्‌युद्धं प्रवर्तते ॥ ५ ॥

અર્થ:—આ યુદ્ધમાં જેઓ આપણા મદદગાર નથી તેઓ આપણા શત્રુઓ છે; કારણ કે આપણું યુધ્ધ રાષ્ટ્રનાં કલ્યાણ માટે વર્તી રહ્યું છે. ૫

स्वदेशोद्भववस्त्राणि विदेशादागतानि वा ।
एकवत्सरपर्यंतं क्रेतव्यानि न भारतैः ॥ ६ ॥

અર્થ:—સ્વદેશી અથવા વિદેશથી આવેલા વસ્ત્રો હિન્દુસ્થાનના લોકોએ એક વર્ષ સુધી ખરીદવાં નહીં જોઇએ. ૬

देशावश्यकतायोग्येऽकृते वस्त्रसमुच्चये ।
बहिष्कारो भवेन्नैव सफलः किल भारते ॥ ७ ॥

અર્થ:—દેશની આવશ્યકતાને યોગ્ય વસ્ત્રોનો જથ્થો ઉત્પન્ન કરવામાં ન આવે તો બહિષ્કાર સફળ નહીં થાય. ૭

चरखायंत्रसान्निध्ये स्वराज्यमस्ति संस्थितम् ।
चरखायन्त्रमेवास्ति लैंकेशायरभीतिदम् ॥ ८ ॥

અર્થ:—ચરખાયંત્રની સમીપે સ્વરાજ્ય રહેલું છે, ચરખાયંત્રજ લેંકેશાયરને ભય આપનારૂં છે. ૮

भारतस्य जनः सर्वो यदि स्याच्चरखापरः ।
स्वराज्यस्य भवेत्प्राप्तिर्मासेनैकेन सत्वरम् ॥ ९ ॥

અર્થ:—હિન્દુસ્થાનનો દરેક માણસ જો ચરખો ચલાવવામાં આસક્ત થાય તો સત્વર એક માસની અંદર સ્વરાજ્ય આવી મળે. ૯

राजतन्त्रमिदं त्यक्तुं भारतं नहि वांछति ।
भवितव्यं भवत्वत्र तत्तु स्थातुं समीहते ॥ १० ॥

અર્થ:—આ સરકાર હિન્દુસ્થાનને છોડવા ઇચ્છતી નથી. જે થવાનું હોય તે થાઓ તે તો રહેવાને ઇચ્છે છે. ૧૦

रुधिरच्चूषणं शक्यं न भवेद्येन भारते ।
अत्यावश्यकता तेन बहिष्कारस्य वर्तते ॥ ११ ॥

અર્થ:—જે વડે આપણા રૂધિરનું ચૂષણ શકય ન થાય તેથી બહિષ્કારની ઘણી જરૂર છે. ૧૧

वित्तदाननिरोधो न क्रियते यावदेव हि ।
विधातुं शक्यते नैव राजतंत्रपराभवम् ॥ १२ ॥

અર્થ:—કારણ કે જ્યાં સુધી સરકારને પૈસા આપવાનું બંધ નહીં થાય ત્યાં સુધી તેનો પરાભવ કરવો શકય નથી. ૧૨

राज्यं बाधितुमस्माकं धर्मोऽस्ति परमो मतः ।
तस्मिन्नपालिते धर्मे वृथास्माकं तु जीवनम् ॥ १३ ॥

અર્થ:—સરકારને હેરાન કરવી એ આપણો પરમ ધર્મ છે. એ ધર્મ નહીં પાળીએ તો આપણું જીવન વૃથા છે. ૧૩

अहिंसापालनं यावत् क्रियते तावदेव नः ।
विजयो निकटं याति सत्यमेतद् वदाम्यहम् ॥ १४ ॥

અર્થઃ—હું ખરૂં કહું છું કે જ્યાં સુધી અહિંસાનું પાલન થાય છે ત્યાં સુધી વિજય આપણી સમીપ આવે છે. એમ જાણવું. ૧૪

देशद्रोहपरित्यागं कर्तुकामैर्नरैः सदा ।
खादीवस्त्रधरैर्भाव्यं शुद्धभावेन सत्वरम् ॥ १५ ॥

અર્થઃ—દેશદ્રોહ પરિત્યાગ કરવાની ઇચ્છાવાળા માણસોએ શુદ્ધ ભાવથી સત્વર ખાદીનાં વસ્ત્ર પહેરવાં. ૧૫

गांधिर्भारतवर्षं हि गांधिरेव महासभा ।
गोलमेजीसभा नूनं निष्फला गांधिवर्जिता ॥ १६ ॥

અર્થઃ—ગાંધી એટલે ભારતવર્ષ; ગાંધી એજ કોંગ્રેસ છે; ગાંધીજી વિનાની રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ (ગોળમેજી સભા) નિષ્ફળ છે. ૧૬

तिरस्कारपदं क्रूरा नीतिस्तु दमनाभिधा ।
कैः शब्दैर्वर्णनं कुर्यां निन्द्यनीतेरहं ननु ॥ १७ ॥

અર્થઃ—સરકારે ગ્રહણ કરેલી દમનનીતિ તિરસ્કારને પાત્ર છે, ઘાતકી છે, તે નિંદ્ય દમનનીતિનું કયા શબ્દવડે હું વર્ણન કરૂં ? ૧૭

न्यायमार्गं पुरस्कृत्य योद्धुं चेद्राज्यवांछना ।
सकले भरते नूनं न भविष्यति विप्लवः ॥ १८ ॥

અર્થઃ—ન્યાય માર્ગને આગળ ધરીને લડવાની જો સરકારની ઇચ્છા હોય તો ખરેખર આખા હિંદમાં રમખાણ થશે નહીં. ૧૮

सुखेनाजीविकां लब्धुमिच्छेयुर्यदि भारते ।
आंग्लदेशोद्भवास्तर्हि यतेरंस्तस्य मुक्तये ॥ १९ ॥

અર્થ:—જો અંગ્રેજોને પોતાની આજીવિકા સુખેથી મેળવવી હોય તો તેઓએ હિંદની મુક્તિમાટે યત્ન કરવો. ૧૯

**इति श्रीसत्याग्रहगीतायां पटेलवाणी नाम अष्टमोऽध्यायः ॥**

---

## अथ नवमोऽध्यायः

**सायमननिवेदनतिरस्कृतिः ।**

**ब्रिटान्योवाच**

**किं वदन्ति जनाः सर्वे राजनीतिविशारदाः ।**
**लोर्डसायमनस्येदं वाचयित्वा निवेदनम् ॥ १ ॥**

**गांधिमतानुगाश्चापि तटस्था भारतेऽखिले ।**
**श्रोतुं मे कौतुकं पूर्णं कथ्यतां मित्र रूटर ॥ २ ॥**

બ્રિટાન્યા કહે છે:—હે મિત્ર રૂટર, લોર્ડ સાયમનના રિપોર્ટને વાંચીને સમસ્ત ભારતવર્ષમાં ગાંધીના મતને અનુસરનારા તેમજ તટસ્થ રાજનીતિમાં કુશળ માણસો શું કહે છે તે સાંભળવાને મને અત્યંત ઉત્કંઠા થઇ છે માટે તે મને કહે. ૧-૨

**रूटर उवाच**

**उपहासं विना तत्र किंचिदन्यन्न वर्तते ।**
**भारतायोग्यतायास्तत्कुरुते खलु दर्शनम् ॥ ३ ॥**

રૂટર કહે છે:—"સાયમન રિપોર્ટમાં મશ્કરી વિના બીજું કાંઇ નથી. ખરેખર હિંદુસ્તાનની નાલાયકીનું તે દર્શન કરે છે. ૩

**न्यायं दातुं तथा हर्तुं दुःखं भारतवासिनाम् ।**
**न तन्निवेदनं किन्तु वर्तते दुःखवर्धनम् ॥ ४ ॥**

અર્થ:—તે રિપોર્ટ ભારતવાસીઓને ન્યાય આપવા અને દુ:ખ હરવા માટે નથી પણ તે દુ:ખને વધારનારો છે." ૪

न तद् वाचयितुं योग्यं नृणां भारतवासिनाम् ।
प्रजामतं यतस्तोषं न तन्नेतुं समीहते ॥ ५ ॥

અર્થ:—ભારતવાસીઓએ તે વાંચવો યોગ્ય નથી; કારણકે, પ્રજામતને સંતોષ આપવાની તેની અભિલાષા નથી." ૫

अतीव विकटा नूनं स्थितिर्देशस्य सम्भवेत् ।
इत्येव ज्ञायते सर्वैर्निवेदनस्य वाचनात् ॥ ६ ॥

અર્થ:—ભારતવર્ષની સ્થિતિ અત્યંત વિકટ થશે એમ તે રિપોર્ટ વાંચવાથી સૌને માલુમ પડે છે. ૬

कमीशनसदस्यानामियमेवास्ति वांछना ।
देयं भारतवर્षाय यन्न किंचित्कदाचन ॥ ७ ॥

અર્થ:—"તેમાં સાયમન કમીશનના સભ્યોની એજ ઇચ્છા સ્પષ્ટ દેખાઈ છે કે, હિન્દુસ્થાનને કદાપિ કંઈ પણ આપવુંજ ન જોઇએ." ૭

स्वराज्यमधिकृत्यैकः शब्दोऽपि नहि वर्तते ।
नन्वकिंचित्करं सर्वे जानन्ति तन्निवेदनम् ॥ ८ ॥

અર્થ:—"સ્વરાજ્ય માટે તેમાં એક પણ શબ્દ નથી. ખરેખર તે રિપોર્ટને બધા માણસો નકામો ગણે છે." ૮

सत्याग्रहस्य निर्देशो न कोऽपि तत्र विद्यते ।
नैव सायमनेनास्ति श्रुतं प्रजामतं यतः ॥ ९ ॥

અર્થ:—"સત્યાગ્રહ સંગ્રામને તેમાં કંઇ પણ નિર્દેશ નથી, કારણકે લોર્ડ સાયમને કદિ પ્રજામત સાંભળેલ નથી." ૯

सांस्थानिकस्वराज्यं न दातुं तत्रास्ति भावना ।
अत्यावश्यकता देशे सैन्यस्यास्तीति दर्शितम् ॥ १० ॥

અર્થ:—"સાંસ્થાનિક સ્વરાજ્ય આપવાની પણ તેમાં ભાવના નથી. હિંદુસ્થાનમાં લશ્કરની ઘણી જરૂર છે એમ દર્શાવેલું છે." ૧૦

भारतीयैर्जनैस्तस्य बहिष्कारः कृतः पुरा ।
अतिसमुचितो नूनमासीच्छंका न वर्तते ॥ ११ ॥

અર્થ:—"ભારતવાસીઓએ પહેલાં તેનો કરેલો બહિષ્કાર અત્યન્ત યોગ્ય હતો એમાં શંકા નથી." ૧૧

राजतन्त्रं यदा किंचिद् दातुमिच्छति नो तदा ।
नाटकं कुरुते नूनमेतादृग्बुद्धिपूर्वकम् ॥ १२ ॥

અર્થ:—"જ્યારે સરકારની કાંઈ આપવાની ઇચ્છા નથી હોતી ત્યારે તે બુદ્ધિપૂર્વક સાયમન કમીશન જેવું નાટક રચે છે." ૧૨

यस्यास्ति भावना दोषदर्शनाय निरन्तरम् ।
अस्माकं कथमुद्धारस्तेन जायेत विष्टपे ॥ १३ ॥

અર્થ:—"હંમેશા જેની ભાવના દોષ દર્શનજ કરવાની છે તેના વડે આ જગતમાં આપણો ઉધ્ધાર કેમ થાય?" ૧૩

यस्यात्रागमने जाते पांचालकेसरी हतः ।
यष्टिना निर्दयं तस्य नैव वाच्यं निवेदनम् ॥ १४ ॥

અર્થ:—"જેનાં અહીં પગલાં પડતાં પંજાબનાં કેસરી લાલા લજપતરાય દંડાવડે નિર્દયતાથી મરાયા તેનો રિપોર્ટ વાંચવો ન જોઇએ." ૧૪

पक्षपातं परित्यज्य निर्णयस्तत्र नो कृतः ।
इत्येव ब्रुवते सर्वे जना नीतिविचक्षणाः ॥ १५ ॥

અર્થ:—"પક્ષપાતથી દુર રહીને તેમાં નિર્ણય નથી કરાયો." આ પ્રમાણે નીતિનિપુણ સર્વ માણસો બોલે છે. ૧૫

भारतस्य परीक्षायै नाधिकारोऽस्ति कस्यचित् ।
सत्याग्रहमहायुद्धमेवास्ति विजयावहम् ॥ १६ ॥

અર્થ:—"ભારતવર્ષની પરીક્ષા કરવાનો કોઇને અધિકાર નથી. સત્યાગ્રહ રૂપી મહાયુદ્ધજ વિજય આપનાર છે." ૧૬

इत्येव निर्णयः सर्वैः कृतोऽस्ति गांधसैनिकैः ।
न तांश्चालयितुं शक्ता नीतिस्ते दमनाभिधा ॥ १७ ॥

અર્થ:—"આ પ્રમાણે ખરેખર ગાંધીજીના સૈનિકો વડે નિર્ણય કરાયો છે; તારી દમનનીતિ તેમને ચલિત કરવાને સમર્થ નથી. ૧૭

इति श्रीसत्याग्रहगीतायां सायमननिवेदनतिरस्कृतिर्नाम
नवमोऽध्यायः ।

## अथ दशमोऽध्यायः

### गांधिस्लोकोम्बवार्तालापः ।

**ब्रिटान्योवाच**

डेलीहेरल्डपत्रस्य प्रतिनिधिमहाशयः ।
स्लोकम्बोऽसौ महात्मानं यरोडाबन्धनालये ॥ १ ॥

भाषते किं मिलित्वा तत्कथ्यतां मित्र रूटर ।
परमं कौतुकं चित्ते जायते मामके यतः ॥ २ ॥

બ્રિટાન્યા કહે છે કે હે મિત્ર રૂટર, શાહી મજુર પ્રધાન પક્ષના મુખ પત્ર 'ડેલી હેરલ્ડ'ના પ્રતિનિધિ મહાશય સ્લોકંબ યરોડા જેલમાં મહાત્માજીને મળી આવીને શું કહે છે તે મને કહે, કારણ કે મારા ચિત્તમાં પરમ કૌતુક ઉત્પન્ન થાય છે. ૧–૨

**रूटर उवाच**

वार्तालापप्रसंगे स महात्मैवं न्यवेदयत् ।
"समाधानाय" मे सर्वं व्यतीतं जीवनं सदा ॥ ३ ॥

રૂટર કહે છે—સ્લોકમ્બ સાથેવાર્તાલાપના પ્રસંગમાં મહાત્માજીએ એમ જણાવ્યું કે "સમાધાન" માટે તો હંમેશાં મારૂં જીવન પસાર થયું છે. ૩

चतस्रो याचना एता भवेयुः स्वीकृता यदि ।
समाधानमहं कर्तुं तत्परो हर्षतः खलु ॥ ४ ॥

અર્થ—આ મારી ચાર માગણીઓ જો સ્વીકારવામાં આવે તો હું ખરેખર ખુશીથી સમાધાન કરવા તત્પર છું. ૪

गोलमेजीसमार्थे या सूचना प्रकटीभवेत् ।
हेतुः परिषदो दातुं भारताय स्वतन्त्रताम् ॥
विद्यत इति तत्रैव घोषणा क्रियतां द्रुतम् ॥ ५ ॥

અર્થ—ગોળમેજી સભા માટે જે સૂચના પ્રકટ થાય તેમાં સત્વર એવી ઘોષણા કરવી કે પરિષદ્‌નો હેતુ હિન્દુસ્થાનને સ્વતંત્રતા આપવાનો છે. ૫

लावणं नियमं हर्तुं मद्यस्य विक्रयं तथा ।
विदेशागतवस्त्राणां प्रतिबन्धाय सर्वथा ॥
गांधये राजतन्त्रं तु विश्वासं दातुमर्हति ॥ ६ ॥

અર્થ—નીમક નો કાયદો રદ કરવાને દારૂનું વેચાણ બંધ કરવા તથા પરદેશથી આવતાં વસ્ત્રોના પ્રતિબંધ માટે સરકારે ગાંધીજીને વિશ્વાસ આપવો, એ યોગ્ય છે. ૬

मुच्यन्तां सकलाः शीघ्रं राजकारणबन्धिनः ।
नियमानां तु भंगाय प्रवृत्तिर्विनयान्विता ॥
पश्चान्निवारणं नूनं लप्स्यते भारतेऽखिले ॥ ७ ॥

અર્થ—સત્વર રાજદ્વારી કેદીઓને છોડી મુકવામાં આવે તો તે પછી કાયદાના સવિનય ભંગ માટેની પ્રવૃત્તિ સમસ્ત ભારતમાં અટકાવવામાં આવશે. ૭

अन्या या याचना गांधेरर्विनाय निवेदिताः ।
ता अधिकृत्य कर्तव्यो विचारोऽतः परं शुभः ॥ ८ ॥

અર્થ—વાઇસરોય ના. લોર્ડ અર્વીનને જણાવેલી ગાંધીજીની બીજી માગણીઓ માટે હવે પછી ઠીક વિચાર કરવો જોઇએ. ૮

सन्तोषो लभ्यते यावन्नास्माभिस्तावदेव तु ।
करिष्यामो वयं युद्धं स्वातंत्र्यप्राप्तिकारणम् ॥ ९ ॥

અર્થ—જ્યાં સુધી અમને સંતોષ નહિ મળે ત્યાં સુધી અમે સ્વતંત્રતાના કારણ રૂપ સત્યાગ્રહસંગ્રામ કરશું. ૯

कारागृहं भरिष्यामः सत्याग्रहिनरैर्वयम् ।
प्राणत्यागं करिष्यामः प्रसंगे सति हर्षतः ॥ १० ॥

અર્થ—અમે સત્યાગ્રહી માણસો વડે જેલ ભરી દેશું અને પ્રસંગ આવતાં આનંદથી પ્રાણત્યાગ કરશું. ૧૦

सततेन विरोधेन राजतन्त्रमिदं वयम् ।
अशक्यं च करिष्यामो न शंका कापि वर्तते ॥ ११ ॥

અર્થ—અને અમારા સતત વિરોધ વડે અમે આ સરકારને અશક્ત બનાવશું, એમાં કંઇ શંકા નથી. ૧૧

आरभ्यत मया युद्धमेतद् विचारपूर्वकम् ।
साहसेन विना सिद्धिर्लभ्यते न कदाचन ॥ १२ ॥

અર્થ—આ યુદ્ધ મેં વિચારપૂર્વક આરંભેલું છે, સાહસ વિના કદિ સિદ્ધિ મળતી નથી. ૧૨

सत्याग्रहमहायुद्धसैनिकाः सकला मया ।
अहिंसाशान्तिरक्षार्थमादिष्टाः संति सर्वतः ॥ १३ ॥

અર્થ—સત્યાગ્રહ રૂપી મહાયુદ્ધના બધા સૈનિકોને ચારે બાજુ અહિંસા અને શાંતિનું પાલન કરવા માટે મેં આજ્ઞા આપી છે." ૧૩

महात्मना समाधानं क्रियतां सत्वरं ततः ।
ब्रिटिशराजतंत्रस्य नोचेदापदुपस्थिता ॥ १४ ॥

અર્થ—માટે મહાત્માજી સાથે જલદી સમાધાન કરવું; નહિ-તર બ્રિટિશ સરકાર પર આફત આવી પડશે. ૧૪

आर्यावर्तात्मनो गांधिरवतारस्तु विद्यते ।
इति बुद्धिमतां श्रेष्ठः स्लोकम्बो भाषते वचः ॥ १५ ॥

અર્થ—મહાત્મા ગાંધીજી આર્યાવર્તના આત્માના અવતાર છે, આ પ્રમાણે બુધ્ધિમાનોમાં શ્રેષ્ઠ મી૦ સ્લોકમ્બ એવું વચન કહે છે. ૧૫

इति श्रीसत्याग्रहगीतायां गांधिस्लोकोम्बवार्तालापो
नाम दशमोऽध्यायः ॥

---

## अथैकादशोऽध्यायः

### विद्यार्थिधर्मः ।

**ब्रिटान्योवाच**

सत्याग्रहमहायुद्धे विद्यार्थिनस्तु भारते ।
नेतुं प्रोत्साहनं किं स मोतीलालो महामतिः ॥ १ ॥
पण्डितो भाषते तन्मे ब्रूहि रूटर सत्वरम् ।
उत्साहः कीदृशस्तेषां राष्ट्रयुद्धाय वर्तते ॥ २ ॥

બ્રિટાન્યા કહે છેઃ—હે રૂટર, સત્યાગ્રહ રૂપી મહાયુદ્ધમાં હિંદુસ્થાનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા મહામતિ પંડિત મોતીલાલ નેહરૂ શું કહે છે અને રાષ્ટ્રયુદ્ધ માટે તેમને (વિદ્યાર્થીઓને) કેવો ઉત્સાહ છે,' તે મને સત્વર કહે. ૧–૨

**रूटर उवाच**

अद्यतना युवानस्तु श्वस्तनाः सन्ति नागराः ।
यूनां हस्तेऽखिलं भावि देशस्य संस्थितं तथा ॥ ३ ॥

રૂટર કહે છેઃ—આજના યુવાનો આવતી કાલના શહેરીઓ છે અને દેશનું બધું ભાવી યુવાનોના હાથમાં છે. ૩

युवानो ये न जानन्ति सत्यमेतद्वचो मम ।
न हि तान् प्रति मे वाक्यं साफल्यं गन्तुमर्हति ॥ ४ ॥

અર્થ:—જે યુવાનો મારા આ વચનને જાણતા નથી તેમના પ્રતિ મારાં વચનને સફળતા મળવી યોગ્ય નથી; અર્થાત્ તેમના પર મારાં વચનની અસર નહિ થાય. ૪

विद्याभ्यासगतां चिन्तां विहाय मनसोऽधुना ।
त्यक्तविद्यालयाः सर्वे भवन्तु युद्धतत्पराः ॥ ५ ॥

અર્થ:—વિદ્યાભ્યાસની ચિંતા મનમાંથી દૂર કરી, પાઠશાળાનો પરિત્યાગ કરી, સર્વે રાષ્ટ્રયુદ્ધમાં તત્પર બનો. ૫

अस्य युद्धस्य लोकेऽत्र परिणामस्तु को भवेत् ।
लाभः स्वतंत्रताया वा बन्धनं वा भविष्यति ॥ ६ ॥

અર્થ:—આ રાષ્ટ્રયુદ્ધનું આ દુનિયામાં શું પરિણામ થશે? કાં સ્વતંત્રતા અથવા ગુલામી થશે. ૬

स्वातन्त्र्यं सदने लब्धुं युद्धमेतत्प्रवर्तते ।
प्राप्तश्चेद् विजयस्तत्र यूयं स्वातन्त्र्यमाप्स्यथ ॥ ७ ॥

અર્થ:—આપણાં ઘરમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે આ યુધ્ધ પ્રવર્તી રહ્યું છે. જો વિજય મળ્યો તો તમને સ્વતંત્રતા મળશે. ૭

उपस्थितः प्रसंगोऽयं युष्माकं संनिधिं वरः ।
स्वीकारो वा परित्यागः क्रियतामस्य सत्वरम् ॥ ८ ॥

અર્થ:—તમારી પાસે આ ઉત્તમ તક આવી છે; તેનો સત્વર સ્વીકાર કરો અથવા પરિત્યાગ કરો. ૮

परित्यक्ते प्रसंगेऽस्मिन् देशोद्धारकरे वरे ।
इतिहासे भवेत्स्थानं युष्माकं नीचमेव च ॥ ९ ॥

અર્થઃ—આ દેશોન્નતિ કરનાર ઉત્તમ પ્રસંગને છોડી દેશો તો ઇતિહાસમાં તમારૂં સ્થાન નીચુંજ રહેશે. ૯

यतोऽगाद् बन्धनं नित्यं युष्मद्वंशपरंपरा ।
यूयं विद्यार्थिनस्तत्र कारणं च भविष्यथ ॥ १० ॥

અર્થઃ—કારણ કે તમારી વંશપરંપરા સતત ગુલામીને પામી અને તમે વિદ્યાર્થીઓ તેમાં કારણભૂત થશો. ૧૦

इतिहासो यदा देशे युष्माकं रच्यतेऽधुना ।
पुराणमितिहासं तु पठितुं कथमिच्छथ ॥ ११ ॥

અર્થઃ—જ્યારે તમારા દેશમાં હાલ ઇતિહાસ રચાઈ રહ્યો છે, ત્યારે જુનો ઇતિહાસ શીખવાની ઇચ્છા કેમ રાખો છો? ૧૧

अत्याचारो यदा जातो भगिनीभ्रातृसञ्चये ।
अस्थीनि दण्डघातैश्च भज्यन्ते तस्य भारते ॥
भवितुं वः कथं वांछा विद्याभ्यासपरायणाः ॥ १२ ॥

અર્થઃ—જ્યારે ભારતવર્ષમાં તમારી બહેનો અને બંધુઓના સમુદાયપર અત્યાચાર થયો છે અને તેમનાં હાડકાં લાઠીઓના પ્રહારો વડે ભાગે છે ત્યારે વિદ્યાભ્યાસ કરવાની કેમ ઇચ્છા થાય છે ! ૧૨

क्षिप्यन्तां पुस्तकानीह त्यक्त्वाविद्यलयानि च ।
सत्याग्रहमहायुद्धे प्रवेशं कर्तुमर्हथ ॥ १३ ॥

અર્થઃ—તમારી ચોપડીઓ ફેંકી દીઓ અને નિશાળ છોડીને સત્યાગ્રહરૂપી મહાયુદ્ધમાં પ્રવેશ કરવો તમને ઘટે છે. ૧૩

वाचने पुस्तकानां वः शिक्षणं नहि वर्तते ।
राष्ट्रयुद्धप्रवेशस्तु युष्माकं शिक्षणं परम् ॥ १४ ॥

અર્થ:—ચોપડીઓનાં વાંચનમાં તમારૂં ભણતર નથી રહ્યું, પણ રાષ્ટ્રયુદ્ધમાં પ્રવેશ કરવામાં તમારૂં મોટું શિક્ષણ રહ્યું છે. ૧૪

महाभोगप्रदानेन समरे सन्ति तत्पराः ।
बान्धवाश्च स्वसारश्च राष्ट्रभावसमन्विताः ॥ १५ ॥

અર્થ:—મોટો ભોગ આપીને રાષ્ટ્રભાવનાવાળા તમારા બંધુઓ અને બહેનો યુદ્ધમાં તત્પર થઇ છે. ૧૫

तत्साहाय्यकृते धर्मो युष्माकं वर्ततेऽधुना ।
अनध्यायदिने पूर्णे न शालां गन्तुमर्हथ ॥ १६ ॥

અર્થ:—તેમને મદદ કરવી, એ હાલ તમારો ધર્મ છે, છુટ્ટીનો દિવસ પૂર્ણ થતાં નિશાળે જવું તમને યોગ્ય નથી. ૧૬

निवर्तेध्वं महायुद्धाच्छीर्षास्थिरक्षणाय चेत् ।
कातराणां समूहेषु गणना वो भविष्यति ॥ १७ ॥

અર્થ:—જો તમે માથાં અને હાડકાનાં રક્ષણ માટે આ મહાયુદ્ધથી નિવૃત્ત થશો, તો તમારી ગણના બાયલાઓના સમુદાયમાં થશે. ૧૭

सांप्रतं न ब्रिटीशानां नूनं राज्यं प्रवर्तते ।
असत्यस्य च दण्डानां राज्यं सर्वत्र वर्तते ॥ १८ ॥

અર્થ:—ખરેખર હાલ બ્રિટિશોનું રાજ્ય નથી વર્તતું, પણ જુઠાણું અને લાઠીઓનું રાજ્ય સર્વત્ર વર્તી રહ્યું છે. ૧૮

स्वदेशरक्षणं कर्तुं युवानो यदि तत्पराः ।
तर्हि स्वातन्त्र्यलाभस्तु न दूरे खलु विद्यते ॥ १९ ॥

અર્થ:—સ્વદેશના રક્ષણ માટે જો યુવાનો તત્પર થાય તો સ્વાતંત્ર્ય મળવું દુર નથી. ૧૯

सांप्रतं निश्चयः कार्यो राष्ट्रयुद्धाय सत्वरम् ।
स्वदेशाह्वानमस्त्येतदद्यावश्यकतास्ति वः ॥ २० ॥

અર્થ:—હવે રાષ્ટ્રયુદ્ધ માટે સત્વર નિશ્ચય કરવો જોઇએ; આ તમારા દેશનું તમને આહ્‌વાન છે. આજે તમારી જરૂર છે. ૨૦

यदि स्वीकारमाह्वानमेतद्वो नहि लप्स्यते ।
सदैवाधोगतिं तर्हि गमिष्यथ न संशयः ॥ २१ ॥

અર્થ:—જો આ આહ્‌વાનનો સ્વીકાર નહિ થાય તો હંમેશ તમારી અધોગતિ થશે, એમાં શક નથી. ૨૧

इति श्रीसत्याग्रहगीतायां विद्यार्थिधर्मोनामैकादशोऽध्यायः ॥

---

## अथ द्वादशोऽध्यायः ।

### वल्लभगर्जना ।

ब्रिटान्योवाच

कारागृहाद् विनिर्मुक्तो वल्लभो राष्ट्रवल्लभः ।
ब्रूते किं सकलं मित्र रूटराख्यातुमर्हसि ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે:—હે મિત્ર રૂટર, કારાગૃહમાંથી છુટા થયેલા લોકપ્રિય નેતા વલ્લભભાઇ પટેલ શું કહે છે તે તું મને કહે. ૧

रूटर उवाच

अद्यास्ति मनुजः सर्वो नेता मुक्तिरणस्थितः ।
अहिंसासत्ययोरेव परावश्यकता स्थिता ॥ २ ॥

રૂટર કહે છેઃ—"સ્વાતંત્ર્યસંગ્રામમાં ઉભેલો દરેક માણસ આજે નેતા છે; અહિંસા અને સત્યનીજ ઘણી જરૂર છે. ૨

ब्रिटिशानामिदं राज्यं कीदृशं वर्तते खलु ।
तद्वेन्न जनः कोऽपि वेत्तीदानीं तु तज्जगत् ॥ ३ ॥

અર્થ:—બ્રિટિશ રાજ્ય ખરેખર કેવું છે તે કોઈ માણસ જાણતો ન હતો. આજે આખી દુનિયા તે જાણે છે. ૩

सोलापुरसमे सेनानियमे प्रकटीकृते ।
कातराणां कुटुम्बस्य विनाशस्तु भविष्यति ॥ ४ ॥

અર્થ:—સોલાપુર જેવો માર્શલ લૉ જ્યારે પ્રગટ થશે ત્યારે બાયલાઓનાં કુટુમ્બોનો નાશ થશે. ૪

धर्मयुद्धसमारम्भः कृतोऽस्ति भारतेऽखिले ।
मास्म भूत्कातरः कोऽपि नोचेन्मृत्युरुपस्थितः ॥ ५ ॥

અર્થ:—આખા ભારતવર્ષમાં ધર્મયુદ્ધનો આરંભ કરાયો છે. કોઈ પણ બાયલો ન બને, નહિતર મૃત્યુ નજીક છે. ૫

शिरांसि नहि भग्नानि यावत्स्युरिह भारते ।
तावदेतन्महायुद्धस्थितिरेव भविष्यति ॥ ६ ॥

અર્થ:—જ્યાં સુધી આખા હિંદુસ્થાનમાં બધાનાં માથાં નહિ ભાંગે ત્યાં સુધી આ લડાઈ ચાલશે. ૬

शीर्षभंगो भवेच्छक्यो हृदयं नैव भज्यते ।
वक्षसश्च भवेद् वेधो नात्मनस्तु कदाचन ॥ ७ ॥

અર્થ:—આપણું માથું ફોડવું શકય છે; પણ અપણું હૃદય કદી નહિ ફુટે. આપણી છાતી વીંધાશે પણ આત્મા નહિ વીંધી શકાય. ૭

जिह्वायाः संयमः कार्यः क्रियतां शान्तिधारणम् ।
गालीदानं परं चिह्नं कातराणां तु विद्यते ॥ ८ ॥

અર્થઃ—જીભને સંયમમાં રાખો અને શાંતિ ધારણ કરો; કારણ કે, ગાળો આપવી એ તો બાયલાઓની નિશાની છે. ૮

स्वप्नेऽपि मन्दतानाम न ग्राह्यं कर्हिचित्खलु ।
अहिंसाशांतिशक्त्यैव कार्यो राज्यपराजयः ॥ ९ ॥

અર્થઃ—ખરેખર સ્વપ્નામાં પણ મંદતાનું નામ ન લેવું જોઇએ. અહિંસા અને શાંતિના બળથી સરકારનો પરાજય કરવો જોઇએ. ૯

मन्दीकर्तुं समुत्साहमस्माकं शस्त्रसञ्चयः ।
गतो निष्फलतां सर्वो राजतन्त्रस्य निश्चयात् ॥ १० ॥

અર્થઃ—આપણા ઉત્સાહને મંદ પાડવાને સરકારનાં બધાં શસ્ત્રોનો સમૂહ નક્કી નિષ્ફળ ગયો છે. ૧૦

एकमेवास्ति शस्त्रं तु मार्शलनियमाभिधम् ।
वयं तु तत्परास्तत्र शान्तिशस्त्रसमन्विताः ॥ ११ ॥

અર્થઃ—સરકાર પાસે માર્શલ લો નામે એકજ શસ્ત્ર છે આપણે તે માટે પણ શાંતિશસ્ત્ર ધારણ કરીને તત્પર છીએ. ૧૧

अस्मद्युद्धे स्त्रियो यत्तु युध्यन्ते राष्ट्रभावतः ।
तच्चिह्नं विजयस्यास्ति शुभं मुक्तिप्रदायकम् ॥ १२ ॥

અર્થઃ—આપણા યુદ્ધમાં સ્ત્રીઓ રાષ્ટ્રપ્રેમને લીધે લડે છે તે સ્વતંત્રતા આપનારૂં વિજયનું ચિહ્ન છે. ૧૨

न पापाधिकता स्त्रीषु दृढता किन्तु वर्तते ।
मद्यपाननिषेधाय प्रयुक्तास्तत एव ताः ॥ १३ ॥

અર્થ:—સ્ત્રીઓમાં બહુ પાપ નથી પણ દ્રઢતા છે. તેથીજ મદ્યપાનનિષેધ માટે ગાંધીજીએ તેમને નિયુક્ત કરી છે.

अस्माकं स महान् नेता यावत्कारागृहे भवेत् ।
व्यापाराय कथं तावज्जायते हृदि वांछना ॥ १४ ॥

અર્થ:—જ્યાં સુધી આપણો મહાન્ નેતા જેલમાં છે, ત્યાં સુધી વેપાર કરવા માટે હૃદયમાં ઇચ્છા કેમ ઉત્પન્ન થાય છે ? ૧૪

व्यापारः क्रियतांकीर्तेः न लाभस्य कर्हिचित् ।
व्यापारो युज्यते नैव स्वदेशे बन्धनस्थिते ॥ १५ ॥

અર્થ:—વેપાર ઇજ્જતનો કરો, પણ નફાનો કદી નહિ. જ્યારે દેશ ગુલામીમાં છે, ત્યારે વ્યાપાર કરવો ઠીક નહિ. ૧૫

न धैर्यं विद्यते येषु ते जना धृतकंकणाः ।
आयान्तु मम सान्निध्यं व्यापारं नहि चिन्तयेत् ॥ १६ ॥

અર્થ:—જેમનામાં હિંમત ન હોય તેઓ બંગડી પહેરીને મારી પાસે આવે. પણ વ્યાપારની ચિન્તા ન કરે. ૧૬

एवं विद्यार्थिनोऽवादीत्सेनापतिः स वल्लभः ।
ब्रिटान्ये श्रूयतां तस्मात्सावधानतयाधुना ॥ १७ ॥

અર્થ:—(અને) હે બ્રિટાન્યા, સરદાર વલ્લભભાઇ પટેલે વિદ્યાર્થીઓને નીચે પ્રમાણે કહ્યું હતું. તે સાવધાનપણે તમે હવે સાંભળો. ૧૭

इतिहासो यदा नूत्नो भारतस्य विरच्यते ।
तदा विद्यार्थिनां स्थानं कुत्र स्यादिति चिन्त्यताम् ॥१८॥

અર્થ:—જ્યારે ભારતનો નવીન ઇતિહાસ રચાય છે ત્યારે વિદ્યાર્થીઓનું તેમાં કયાં સ્થાન હોય તેનો વિચાર કરો. ૧૮

मद्यपाननिषेधाय यदा वो भगिनीगणः ।
मद्यापणसमीपस्थस्तदाभ्यासः कथं भवेत् ॥ १९ ॥

અર્થ:—જ્યારે મદ્યપાનનો નિષેધ કરવા માટે તમારી બ્હેનો દારૂની દુકાન આગળ ઉભી રહે છે, ત્યારે વિદ્યાભ્યાસ કેમ થાય ? ૧૯

यदा कारागृहे नेता युष्माकं स जवाहरः ।
तदा विद्यार्जनार्थं वो वांछना जायते कथम् ॥ २० ॥

અર્થ:—જ્યારે તમારો નેતા પં. જવાહરલાલ નહેરૂ જેલમાં છે, ત્યારે વિદ્યા મેળવવાની તમને કેમ ઇચ્છા થાય છે ? ૨૦

महाविद्यालये स्थित्वा पदवीलाभवांछना ।
येषां विद्यार्थिनां चित्ते ते सन्ति देशशत्रवः ॥ २१ ॥

અર્થ:—અત્યારે કોલેજમાં રહી B. A. કે M. A. આદિ પદવી મેળવવાની જે વિદ્યાર્થીઓ મનમાં ઇચ્છા કરે છે તેઓ દેશના શત્રુઓ છે. ૨૧

विद्यालयं परित्यक्तुं न धैर्यं येषु विद्यते ।
नारीणां तु समूहेषु तेषां शोभा भविष्यति ॥ २२ ॥

અર્થ: નિશાળ છોડવાની જેમનામાં હિંમત નથી તેઓ તો સ્ત્રીઓના સમુદાયમાંજ શોભશે. ૨૨

मनुष्या यदि यूयं स्थ त्यक्त्वा विद्यालयं द्रुतम् ।
यावदेतद् भवेद्युद्धं तावत्स्यात रता मुदा ॥ २३ ॥

અર્થ:—જો તમે માણુસ હો તો જ્યાં સુધી આ લડાઇ ચાલે ત્યાં સુધી નિશાળનો સત્વર ત્યાગ કરી તેમાં આનન્દથી આસક્ત થજો.

परीक्षाया अयं कालो युष्माकं समुपस्थितः ।
यूयमर्हथ देशाय त्यक्तुं सर्वस्वमेव तत् ॥ २४ ॥

અર્થ:—તમારી પરીક્ષાનો આ સમય નજીક આવ્યો છે. દેશને માટે તમારે સર્વસ્વનો ત્યાગ કરવો ઘટે છે. ૨૪

गोलमेजीसभानाम ग्राह्यं नातः कदाचन ।
ये तत्र गन्तुमिच्छन्ति ते मूर्खाः सन्ति मानवाः ॥ २५ ॥

અર્થ:—ગોળમેજી સભાનું નામ તો કદી લેવું જ ન જોઈએ. જેઓ ત્યાં જવા ઇચ્છે છે તે માણસો મૂર્ખ છે. ૨૫

अस्माकं यो महान् नेता यरोडाबन्धनालये ।
वर्तते स समाधानं कर्तुं योग्योऽस्ति भारते ॥ २६ ॥

અર્થ:—આપણો મહાન્ નેતા જે યરોડાની જેલમાં બેઠો છે તેજ સમાધાન કરવાને યોગ્ય છે. ૨૬

इति श्रीसत्याग्रहगीतायां बल्लभगर्जना नाम द्वादशोऽध्यायः ॥

---

## अथ त्रयोदशोऽध्यायः

### यष्टिराज्यप्रवृत्तिः ।

**ब्रिटान्योवाच**

सत्याग्रहमहायुद्धं नेतुं निष्फलतामिह ।
किं कुर्वन्ति मदीयास्ते सैनिका वद रूटर ॥ १ ॥

અર્થ:—હે રૂટર, સત્યાગ્રહરૂપી મહાયુદ્ધને નિષ્ફળ બનાવવા માટે મારા સૈનિકો શું કરે છે તે કહે. ૧

रूटर उवाच

धारासणावडालादिस्थलेषु पीतवेष्टनाः ।
सार्जण्टसहिताः सन्ति सैनिका दण्डपाणयः ॥ २ ॥

રૂટર કહે છેઃ—ધારાસણા વડાલા વગેરે ઠેકાણે સાર્જન્ટો સાથે સાથે હાથમાં લાઠીઓને ધારણ કરનારા તારા સૈનિકો તૈયારજ ઉભા છે. ૨

निःशस्त्रान् गांधिसेनायाः सैनिकांश्च समागतान् ।
शान्तिशस्त्रान्वितान् दण्डैस्ताडयन्ति दयां विना ॥ ३ ॥

અર્થ:—હથીયાર વિનાના, શાન્તિરૂપી શસ્ત્રવાળા ગાંધીની સેનાના સૈનિકોને તેઓ નિર્દયપણે દંડાઓ વડે મારે છે. ૩

सत्याग्रहमहायुद्धप्रेक्षकानपि यष्टिभिः ।
ताडयित्वा निजं शौर्यं दर्शयन्ति समन्ततः ॥ ४ ॥

અર્થ:—(અને) સત્યાગ્રહરૂપી મહાયુદ્ધના પ્રેક્ષકોને પણ દંડાઓ વડે મારીને ચારે તરફ પોતાનું પરાક્રમ (?) દેખાડે છે.

निर्दोषताडने कोऽपि दोषो वा वर्तते न वा ।
इति ते नहि पश्यन्ति सैनिका हतबुद्धयः ॥ ५ ॥

અર્થ:—નિર્દોષ માણસોને મારવામાં કાંઇ દોષ છે કે નહિ એ તારા દુર્બુદ્ધિ સૈનિકો જોતા નથી. ૫

व्रणिता लगुडैर्यान्ति सैनिका रुग्णकेतनम् ।
मन्यमानाः स्वकीयं ते धन्यं जीवनमेव च ॥ ६ ॥

અર્થ:—લાઠીઓ વડે ઘાયલ થયેલા ગાંધીજીના સૈનિકો પોતાના જીવનને ખરેખર ધન્ય માનતા હોસ્પીટલમાં જાય છે. ૬

अहिंसाशान्तिभंगाय तथापि स्पृहयन्ति न ।
यतस्तेषामिदं युद्धमहिंसामवलम्बते ॥ ७ ॥

અર્થ:—અહિંસા અને શાંતિનો ભંગ કરવા તેઓ ઇચ્છતા નથી; કારણ કે, તેમનું આ યુદ્ધ અહિંસાના આધાર પર ચાલે છે. ૭

पांचालविषये पेशावरे सोलापुरे तथा ।
निःशस्त्रा बहवो वीरा निहतास्तव सैनिकैः ॥ ८ ॥

અર્થ:—પંજાબ, પેશાવર અને સોલાપુરમાં તારા સિપાઇઓએ ઘણા નિઃશસ્ત્ર સત્યાગ્રહી વીરજનોને માર્યા. ૮

लोकयात्रा निरुध्यन्ते सार्जन्टैः शस्त्रधारिभिः ।
दण्डाघातैर्विकीर्यन्ते शांतियुक्ताश्च ता द्रुतम् ॥ ९ ॥

અર્થ:—શસ્ત્રધારણ કરનાર તારા સાર્જન્ટો શાંતિમય સરઘસોને અટકાવે છે અને લાઠીઓ મારીને જલ્દી વિખેરી નાખે છે. ૯

प्रतिबन्धः कृतस्तीव्रो बहुप्रान्तेषु भारते ।
न खादीधारणं कार्यमिति ते राजपूरुषैः ॥ १० ॥

અર્થ:—તારા અધિકારીઓએ ખાદી ધારણ કરવાની મનાઈ હિંદુસ્થાનમાં ઘણા પ્રાંતોમાં કરી છે. ૧૦

नियमान् नहि पश्यन्ति त्वदीया अधिकारिणः ।
शांतियुक्तान्नरान् हन्तुं भवन्ति तत्परा द्रुतम् ॥ ११ ॥

અર્થ:—તારા અમલદારો કાયદાને જોતા નથી અને શાંતિયુક્ત માણસોને મારવાને સત્વર તત્પર બને છે. ૧૧

पिकेटींगरता गांधिसैनिकाः शांतिपूरिताः ।
नीयन्ते बन्धनागारमागत्य तव सैनिकैः ॥ १२ ॥

અર્થ:—શાંતિપૂર્વક પિકેટીંગ કરતા ગાંધીના સૈનિકોને તારા સૈનિકો આવી જેલખાના ભેગા કરે છે. ૧૨

महासभापरित्यागबोधयुक्ताश्च पत्रिकाः ।
प्रकाश्यन्ते प्रदीयन्ते ग्रामेषु च क्वचित्क्वचित् ॥ १३ ॥

અર્થ:—મહાસભાનો પરિત્યાગ કરવાનો બોધ કરતી પત્રિકા તારા માણસો પ્રકટ કરે છે અને ગામડાઓમાં કોઇ કોઇ વાર તેનો પ્રચાર કરે છે. ૧૩

गोलमेजीसभां गन्तुं दीयते प्रविलोभनम् ।
न केऽपि किन्तु विश्वासं कुर्वंति तत्र मानवाः ॥ १४ ॥

અર્થ:—ગોળમેજી સભામાં જવા માટે લાલચો આપવામાં આવે છે પણ કોઇ તે વિષે વિશ્વાસ કરતું નથી. ૧૪

पेरीनभगिनीलीलारमाद्या बहवः स्त्रियः ।
नेहरुर्वल्लभो वीरराजेन्द्रसदृशास्तव ॥ १५ ॥

नेतारो हर्षतः कारावासातिथिपदं गताः ।
गृहीतप्रतिमुक्तः स मालवीयस्तु पंडितः ॥ १६ ॥

અર્થ:—પેરીન બ્હેન, શ્રીમતી લીલાવતી મુનશી, શ્રીમતી રમીબ્હેન કામદાર આદિ ઘણી સ્ત્રીઓ, પંડિત મોતીલાલ નહેરૂ, વલ્લભભાઇ પટેલ ને બાબુ રાજેન્દ્રપ્રસાદ જેવા નેતાઓ આનંદથી તારા કારાવાસનાં મહેમાન બન્યા છે; અને પંડિત મદનમોહન માલવીયા તો કારાવાસમાં એકવાર જઇને પાછા મુક્ત થયા છે.

महासभागृहापातः क्रियते तव सैनिकैः ।
संग्रामसमितेः सभ्या निगृह्यन्ते मुहुर्मुहुः ॥ १७ ॥

અર્થ:—મહાસભાના મકાનપર તારા સિપાઇઓ વારંવાર ધાડ પાડે છે અને સંગ્રામસમિતિના સભ્યોને પકડી જાય છે. ૧૭

तथापि न समुत्साहो मन्दतां याति कर्हिचित् ।
स्वराज्यं लिप्सवः सर्वे भारतीया जना यतः ॥ १८ ॥

અર્થઃ—તો પણ તેમનો ઉત્સાહ કદી મન્દ થતો નથી; કારણ કે, હિંદુસ્થાનના સર્વ લોકો સ્વરાજ્ય મેળવવા ઇચ્છે છે.

भारतीयैर्जनैः सार्धं संधिं कर्तुं त्वमर्हसि ।
सर्वदेशजना एवं वदन्ति श्रेष्ठबुद्धयः ॥ १९ ॥

અર્થઃ—"હિંદુસ્થાનના લોકો સાથે સમાધાન કરવું તારા માટે ઇષ્ટ છે" એમ સર્વ દેશના ઉત્તમ બુધ્ધિવાળા માણસો કહે છે. ૧૯

इति श्रीसत्याग्रहगीतायां यष्टिराज्यप्रवृत्तिर्नाम त्रयोदशोऽध्यायः ।

---

## अथ चतुर्दशोऽध्यायः ।

### बहिष्कारप्रवृत्तिः ।

ब्रिटान्योवाच

केषां केषां बहिष्कारः कथं भारतवासिभिः ।
क्रियते ब्रूहि तत्सर्वं सखे रूटर सत्वरम् ॥ १ ॥

બ્રિટાન્યા કહે છેઃ—હે મિત્ર રૂટર, ભારતવાસીઓ શાનો શાનો બહિષ્કાર અને તે કેવી રીતે કરે છે તે મને સત્વર કહે. ૧

रूटर उवाच

बहिष्कारप्रवृत्तिस्तु तद्युद्धसाधनं महत् ।
बहिष्कारवशादेव लब्धुमिच्छन्ति ते जयम् ॥ २ ॥

રૂટર કહે છેઃ—બહિષ્કારની પ્રવૃત્તિ, એ ભારતવાસીઓનાં ધર્મયુદ્ધનું એક મોટું સાધન છે. બહિષ્કારનાં બળથી જ તેઓ વિજય મેળવવાને ઇચ્છે છે. ૨

ब्रिटीशवस्तुजातस्य बहिष्काराय भारताः ।
भवंति तत्परास्त्यक्त्वा धनलाभस्य वांछनाम् ॥ ३ ॥

અર્થ:—બ્રિટીશ માલનો બહિષ્કાર કરવા માટે ભારતવાસીઓ ધનલાભની ઈચ્છા છોડી દઈને તત્પર થાય છે. ૩

ब्रिटीशवस्तुजातस्य स्पर्शे पापं महत्स्थितम् ।
गण्यन्ते पापिनः सर्वे ब्रिटीशवस्त्रधारिणः ॥ ४ ॥

અર્થ:—બ્રિટીશ માલનો સ્પર્શ કરવામાં મોટું પાપ રહેલું છે (એમ તેઓ માને છે); જેઓ વિલાયતી કપડાં ધારણ કરે છે તેઓ પાપી ગણાય છે. ૪

कौसुंभाम्बरधारिण्यः कोंग्रेसदेशसेविकाः ।
पिकेटींगरताः सन्ति सर्वत्र भारतेऽखिले ॥ ५ ॥

અર્થ:—કેશરી વસ્ત્રને ધારણ કરનારી, કોંગ્રેસની દેશસેવિકાઓ આખા ભારતવર્ષમાં સર્વત્ર પીકેટીંગનું કામ કરી રહી છે. ૫

प्रतिबंधस्तथाप्यत्र व्यापारिणां न विद्यते ।
साहाय्यं नहि वांछन्ति सैनिकानां कदाचन ॥ ६ ॥

અર્થ:—ભારતના વેપારીઓને તેમાં પ્રતિબંધ નથી. તારા સિપાઈઓની તેઓ કદી મદદ માંગતા નથી. ૬

यदि कश्चिज्जनो नीचः साहाय्यं तांस्तु याचते ।
तर्हि तस्य बहिष्कारः सर्वैर्लोकैर्विधीयते ॥ ७ ॥

અર્થ:—જો કોઈ નીચ માણસ તારા સિપાઈઓની મદદ માંગે છે તો સર્વ લોકો તેનો બહિષ્કાર કરે છે. ૭

कोंग्रेसाज्ञापराः सर्वे सर्वस्यागाय तत्पराः ।
विद्यन्ते भारतास्तेषामपूर्वा जागृतिः खलु ॥ ८ ॥

અર્થ:—સર્વ ભારતવાસીઓ કોંગ્રેસનો હુકમ માનીને સર્વસ્વનો ત્યાગ કરવા તત્પર છે. ખરેખર તેમની જાગૃતિ અપૂર્વ છે. ૮

धारासभानां वरणस्य काले कौसुंभवस्त्रा बहवस्तु देव्यः ।
विहाय कारागृहतुच्छभीतिमासन् पिकेटींगपराः समन्तात् ॥ ९॥

અર્થ:—ધારાસભાની ચુંટણીને વખતે કેશરી વસ્ત્ર ધારણ કરનારી ભારતની દેવીઓએ જેલની તુચ્છ ભીતિનો ત્યાગ કરી પીકેટીંગ કર્યું હતું. ૯

अत्यल्पमासीत्तु मतप्रमाणं कोंग्रेसशक्तिः परमा यतोऽस्ति ।
मतप्रदानाद् बहवो मनुष्या निवारिताः प्रेमवचःप्रयोगात् ॥१०॥

અર્થ: —બહુ ઓછા પ્રમાણમાં મત અપાયા હતા; કારણ કે ભારતદેશમાં કોંગ્રેસની શક્તિ મોટી છે પ્રેમભરેલાં વચનોથી ઘણાઓને મત આપતાં અટકાવવામાં આવ્યા હતા. ૧૦

गृहीतलगुडाः पीतवर्णवेष्टनधारिणः ।
सैनिकास्तव सार्जन्टा दंडाघातानकुर्वत ॥ ११ ॥

અર્થ:—પીળી પાઘડી ધારણ કરનારા તારા દંડાધારી પોલીસો અને સાર્જન્ટોએ લોકોપર લાઠીઓના પ્રહારો કર્યા હતા.

धारासभाप्रवेशस्तु देशद्रोहो हि गण्यते ।
धारासभाभिधं तेभ्यो नाटकं नैव रोचते ॥ १२ ॥

અર્થ:—ધારાસભામાં જવું એ ખરેખર દેશદ્રોહ ગણાય છે. ભારતવાસીઓને ધારાસભા નામનું નાટક ગમતું નથી. ૧૨

गोलमंचसभायां न श्रद्धा कस्यापि विद्यते ।
महासभागताः सभ्यास्तद्बहिष्कारतत्पराः ॥ १३ ॥

અર્થ:—કોઇને પણ ગોળમેજી સભામાં શ્રદ્ધા નથી; મહાસભાના સભ્યો તેનો બહિષ્કાર કરવા તત્પર છે. ૧૩

उपहासपराः सर्वे गोलमंचसभाकृते ।
श्यामानना भविष्यन्ति तत्र गत्वा जनाः खलु ॥ १४ ॥

અર્થ:—સર્વ માણસો ગોળમેજી સભાની મશ્કરી કરે છે; ત્યાં જઇને માણસોનાં મોઢાં કાળાં થશે, એમ તેઓ માને છે.

गोलमंचसभां गन्तुं ये वांछन्ति महाशयाः ।
ते प्रतिनिधयो नैव भारतात्सन्ति मानवाः ॥ १५ ॥

અર્થ:—જે મહાશયો ગોળમેજી સભામાં જવા ઇચ્છે છે, તેઓ હિન્દુસ્થાનના પ્રતિનિધિ નથી. ૧૫

यावत्कारागृहे सन्ति नेतारो गांधिसंनिभाः ।
गोलमंचसभा तावत् साफल्यं लप्स्यते नहि ॥ १६ ॥

અર્થ:—જ્યાં સુધી ગાંધીજીસમાન નેતાઓ જેલમાં છે, ત્યાંસુધી ગોળમેજી સભા સફળ થશે નહિ. ૧૬

सप्रूजयकरौ यत्नं समाधानाय भारते ।
अकुर्वातां महान्तं तु तत्र निष्फलताभवत् ॥ १७ ॥

અર્થ:—શ્રી. જયકર અને સપ્રુએ સમાધાન માટે મોટો યત્ન કર્યો હતો, પણ તેમાં નિષ્ફળતા થઈ હતી. ૧૭

त्वदीयं राजतंत्रं तु विशुद्धहृदयं नहि ।
ततः संधिर्भवेत्कस्मादिति जानन्ति भारताः ॥ १८ ॥

અર્થ:—તારી સરકારનું દિલ શુધ્ધ નથી, તેથી સલાહ કેમ થાય" એમ ભારતવાસીઓ સમજે છે. ૧૮

इति श्रीसत्याग्रहगीतायां बहिष्कारप्रवृत्तिर्नाम चतुर्दशोऽध्यायः ॥

## अथ पञ्चदशोऽध्यायः ।

### गुर्जरदेशसत्याग्रहः ।

**ब्रिटान्योवाच**

सत्याग्रहमहायुद्धप्रवृत्तिः कीदृशी सखे ।
अस्ति गुर्जरदेशे तु सांप्रतं वद रूटर ॥ १ ॥

બ્રિટાન્યા કહે છેઃ—હે મિત્ર રૂટર! સત્યાગ્રહરૂપી મહા-યુદ્ધની પ્રવૃત્તિ ગુજરાત દેશમાં હાલ કેવી છે તે મને કહે. ૧

**रूटर उवाच**

बारडोलीसमानेषु प्रान्तेषु प्रायशोऽखिलाः ।
मनुष्याः परमोत्साहाः सत्याग्रहरणे सदा ॥ २ ॥

રૂટર કહે છેઃ—બારડોલી જેવા પ્રાંતોમાં ઘણું કરીને સર્વ માણસો સત્યાગ્રહયુદ્ધમાં નિરંતર પરમ ઉત્સાહ રાખે છે. ૨

नहि प्रियतरं तेषां वस्तु देशात्तु वर्तते ।
गांधिवल्लभवाक्यस्य प्रभावस्तेषु चातुलः ॥ ३ ॥

અર્થઃ—પોતાના દેશ કરતાં વધારે વહાલી કોઈ પણ વસ્તુ તેમને જણાતી નથી. મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇનાં વચનનો તેમના ઉપર અતુલ પ્રભાવ છે. ૩

सत्याग्रहमहायुद्धारंभकाले महात्मना ।
श्रद्धा या निहितासीत्सा यथार्थीकारि तैर्जनैः ॥ ४ ॥

અર્થઃ—સત્યાગ્રહરૂપી મહાયુદ્ધના આરંભકાળમાં મહાત્માજીએ જે શ્રદ્ધા તેમનામાં રાખી હતી તે તેમણે યથાર્થ કરી છે.

समस्तं भारतं कर्तुं स्वतंत्रं भुवि सत्वरम् ।
शक्तो गुर्जरदेशोऽस्ति सत्याग्रहबलेन सः ॥ ५ ॥

અર્થ:—આ પૃથ્વીપર સત્યાગ્રહના બળથી સમસ્ત ભારતવર્ષને સ્વતંત્ર બનાવવાને ગુજરાત સમર્થ છે. ૫

तत्रत्यैर्मनुजैर्नूनं निश्चयोऽकारि चेतसि ।
यद्राज्यं कुरुते नित्यं प्रजानां सत्त्वचूषणम् ॥ ६ ॥

दातव्या न करास्तस्मै भवतात्कदनं महत् ।
अतस्ते नहि यच्छन्ति करान् सर्वे कृषीवलाः ॥ ७ ॥

અર્થ:—ખરેખર ત્યાંના લોકોએ પોતાના મનમાં નિશ્ચય કર્યો છે કે જે સરકાર હંમેશાં પ્રજાનું સત્ત્વ ચૂસી રહી છે તેને કર ન આપવા જોઇએ. ભલે પાયમાલી થઈ જાય; આથી ગુજરાતના ખેડુતો કર નથી આપતા. ૬–૭

अस्माकं नृपतिर्गांधिर्महात्मा खलु विद्यते ।
तदाज्ञया विना नैव कराशा क्रियतां वृथा ॥ ८ ॥

त्वद्राज्यपुरुषानेवं कथयन्ति कृषीवलाः ।
बंधनान्मरणाद् वापि नैव बिभ्यति केचन ॥ ९ ॥

અર્થ:—"અમારો રાજા મ. ગાંધી છે, તેની આજ્ઞા વિના નકામી કરની આશા ન કરવી" આ પ્રમાણે તારા અમલદારોને તે ખેડુતો કહે છે. જેલ અથવા મરણથી કદી ડરતા નથી. ૮–૯

दारिद्र्यं रोचते तेभ्यो न तु दानं करस्य तत् ।
न स्वराज्यं विना दातुं करमिच्छन्ति ते नराः ॥ १० ॥

અર્થ:—તેઓને ગરીબી ગમે છે, પણ કર આપવા નથી ગમતા; તેથી સ્વરાજ્ય વિના તે માણસો કર આપવા ઇચ્છતા નથી.

एवंविधा सदा तेषां हृदये भावना स्थिता ।
ईश्वरे परमा श्रद्धा तेषां बलवती तथा ॥ ११ ॥

અર્થઃ—આ પ્રમાણે હંમેશાં તેમના હૃદયમાં ભાવના છે અને પરમાત્મામાં તેમની પૂર્ણ શ્રદ્ધા છે. ૧૧

करादानपराः संति सैनिकास्तव, निर्दयम् ।
ताडयन्ति धनं तेषां हरन्ति च बलाद् गृहात् ॥ १२ ॥

અર્થઃ—તારા સિપાઇઓ તેમની પાસેથી કર લેવાને તત્પર બને છે અને તેમને દયાહીન રીતે મારે છે તથા બળાત્કારે તેમના ઘરમાંથી ધન લઈ જાય છે. ૧૨

क्षेत्राणि सस्यपूर्णानि गृहाणि रुचिराणि च ।
देशप्रीत्या परित्यज्य बहवो वनमागताः ॥ १३ ॥

અર્થઃ—દેશપ્રેમને લીધે પોતાના પાકથી ભરેલાં ખેતરો અને શોભીતાં ઘરોનો પરિત્યાગ કરી ઘણા લોકો જંગલમાં ચાલ્યા ગયા છે. ૧૩

त्वद्राज्यपृथिवीत्यागं कृत्वा केचिद्गुर्जनाः ।
अन्यराज्याश्रयं लब्धुं सत्याग्रहविशारदाः ॥ १४ ॥

અર્થઃ—તારા રાજ્યની જમીનને છોડી દઈ કેટલાક સત્યાગ્રહવિશારદ માણસો બીજા રાજ્ય (વડોદરા) નો આશ્રય લેવા ગયા છે ૧૪

अत्याचारा महाघोराः क्रियन्ते तव सैनिकैः ।
तद्वशादेव संजाता ग्रामाः शून्या न संशयः ॥ १५ ॥

અર્થઃ—તારા સિપાઇઓ ભયંકર અત્યાચાર કરી રહ્યા છે તેથીજ ઘણા ગામ શૂન્ય થઇ ગયા છે એમાં શંકા નથી. ૧૫

अतस्त्वत्सैनिकानां ते बहिष्कारं तु कुर्वते ।
सत्याग्रहमहायुद्धमित्थं ते भयकारणम् ॥ १६ ॥

અર્થ:—આથી તારા સિપાઈઓનો તે બહિષ્કાર કરે છે. આ રીતે સત્યાગ્રહરૂપી મહાયુદ્ધ તુંને ભયના કારણરૂપ થઇ પડેલ છે. ૧૬

यावद्गांधिः स्थितः कारागारे तावदियं स्थितिः ।
वर्तिष्यते, ततः किंचिद्युक्तं त्वं कर्तुमर्हसि ॥ १७ ॥

અર્થ:—જ્યાં સુધી મહાત્મા ગાંધી જેલમાં છે ત્યાં સુધી આ સ્થિતિ રહેશે માટે હે બ્રિટાન્યા, તું ઠીક લાગે તે કંઇક કરવાને યોગ્ય છે. ૧૭

इति श्रीसत्याग्रहगीतायां गुर्जरदेशसत्याग्रहो नाम पञ्चदशोऽध्यायः ।

---

## अथ षोडशोऽध्यायः ।

### कारागारनिवासमहत्त्वम् ।

ब्रिटान्योवाच

कारागारनिवासाय भावना कीदृशी सखे ।
सत्याग्रहिनृणां चित्ते वर्तते वद रूटर ॥ १ ॥

બ્રિટાન્યા કહે છે:—હે મિત્ર રૂટર! જેલનિવાસ માટે સત્યાગ્રહી લોકોના મનમાં કેવી ભાવના હોય છે તે મને કહે. ૧

रूटर उवाच

तव पराभवं कर्तुं सत्याग्रहिनरा अमी ।
गत्वा कारागृहं सर्वे वांछन्ति हर्षमागताः ॥ २ ॥

રૂટર કહે છે:—એ સત્યાગ્રહી લોકો જેલમાં હર્ષપૂર્વક ગમન કરીને તારો પરાભવ કરવા ઇચ્છે છે. ૨

देशार्थे धर्मरक्षार्थं कारागृहे स्थितिर्भृशम् ।
रोचते सततं तेभ्य स्वराज्यं तत्र वर्तते ॥ ३ ॥

स्वातन्त्र्यसाधना तत्र क्रियते संशयं विना ।
तेषां तेन बलं नित्यमात्मनो वर्धते द्रुतम् ॥ ४ ॥

अत्याचारपरे राज्ये प्रजानां तु स्वतंत्रता ।
तत्रैवास्तीति मन्यन्ते जनाः सत्याग्रहे रताः ॥ ५ ॥

અર્થ:—દેશને માટે અને ધર્મરક્ષા માટે કારાગૃહમાં રહેવું તેમને બહુ ગમે છે. ત્યાં સ્વરાજ્ય વસે છે; બેશક સ્વતંત્રતાની સાધના ત્યાં કરાય છે. તેથી સદા આત્માનું બલ વધે છે. અત્યાચારી રાજ્યમાં પ્રજાની સ્વતંત્રતા ત્યાંજ (જેલમાંજ) છે, એમ સત્યાગ્રહી માણુસો માને છે. ૩–૪–૫

अन्यायं कुरुते राजा यदा न्यायस्य नामतः ।
कारागृहसमं स्थानं पवित्रं न तदापरम् ॥ ६ ॥

અર્થ:—જ્યારે રાજા ન્યાયના નામથી અન્યાય કરે છે ત્યારે જેલવિના બીજું કોઈ પવિત્ર સ્થાન નથી. ૬

शान्तिव्यवस्थयोर्नाम्ना यदा निर्दोषमानवाः ।
ताड्यन्ते यष्टिभिः क्रूरैस्तदा कारागृहे शुभम ॥ ७ ॥

અર્થ:—જ્યારે શાંતિ અને વ્યવસ્થાના નામથી નિર્દોષ માણુસોને રાજ્યના ક્રૂર સિપાઇઓ લાઠીઓ વડે મારે છે ત્યારે જેલમાંજ સુખ છે. ૭

निर्दोषमनुजानां तु देशसेवारतात्मनाम् ।
कारागारसमं स्थानं नान्यत्कीर्तिकरं वरम ॥ ८ ॥

અર્થ:—દેશસેવાપરાયણ નિર્દોષી માણુસોને કીર્તિ આપનારૂં જેલસમાન બીજું કોઇ ઉત્તમ સ્થળ નથી. ૮

कारागारभयत्यागे स्वातंत्र्यं खलु संस्थितम् ।
कारागारभये जाते बंधनं शिरसि स्थितम् ॥ ९ ॥

અર્થ:—જેલનો ભય છોડવામાં સ્વતંત્રતા રહી છે અને જેલનો ડર લાગ્યો તો ગુલામી માથાપર બેઠી છે. ૯

कारागारे जनः स्थित्वा निर्दोषो हर्षमाप्नुते ।
कारावाससमुद्भूतं दुःखं तस्य सुखायते ॥ १० ॥

અર્થ:—નિર્દોષી માણસ જેલમાં રહીને આનંદ પામે છે, જેલથી થયલું દુઃખ તેને સુખરૂપ લાગે છે. ૧૦

निर्दोषा मनुजाः सर्वे कारागारस्थिता इह ।
राज्यभीतिकराः सन्ति स्वदेशोन्नतिकारणम् ॥ ११ ॥

અર્થ:—જેલમાં રહેલા સર્વે નિર્દોષ માણસો સરકારને ભય ઉપજાવનાર છે અને દેશોન્નતિનાં કારણરૂપ છે. ૧૧

एवंविधा विचारास्तु सन्ति कारागृहं प्रति ।
सत्याग्रहिनृणां चित्ते कस्तांश्चालयितुं क्षमः ॥ १२ ॥

અર્થ:—સત્યાગ્રહી લોકોમાં જેલસંબંધી આ પ્રકારના વિચારો છે, તેમને ચલિત કરવાને કોણ સમર્થ છે? ૧૨

कारावासस्थिताः सर्वे सत्याग्रहिनरा भृशम् ।
पीड्यन्ते बहुशः किन्तु न क्षमां कोऽपि याचते ॥ १३ ॥

અર્થ:—જેલમાં રહેલા સત્યાગ્રહીઓને અનેક પ્રકારે ખુબ દુઃખ દેવામાં આવે છે, પણ કોઇ માફી માગતું નથી. ૧૩

कदन्नं दीयते तेभ्यः सापमानं तथापि ते ।
सहन्ते परया प्रीत्या गांधिवाक्यपरायणाः ॥ १४ ॥

અર્થ:—તેમને અપમાનપૂર્વક ખરાબ ખોરાક અપાય છે, તો પણ ગાંધીજીનાં વચનને પાળનારા તે વીર સત્યાગ્રહીઓ ઘણા પ્રેમથી સહન કરે છે. ૧૪

अत्याचारा महाघोरा क्रियन्ते तेषु ते जनैः ।
ईश्वरे परमां श्रद्धां धृत्वा नो गणयन्ति तान् ॥ १५ ॥

અર્થ:—તારા માણસો તેમનાપર મહાઘોર અત્યાચાર કરી રહ્યા છે તે સત્યાગ્રહીઓ ઇશ્વરમાં શ્રદ્ધા રાખીને તે ગણકારતા નથી. ૧૫

आत्मनः परमा शक्तिः श्रुतं मया त्वनेकशः ।
तेषामात्मबलं वीक्ष्य जाने त्वां भयमागतम् ॥ १६ ॥

અર્થ:—મેં ઘણીવાર સાંભળેલ છે કે આત્માની શક્તિ પરમ છે; તેમનું આત્મબળ જોઈને હું જાણું છું કે તુંને ભય પાસે છે. ૧૬

गांधिना क्रियतां संधिः सार्धं तेन हितं तव ।
प्रियं हितकरं चैव दुर्लभं वचनं भुवि ॥ १७ ॥

અર્થ:—મહાત્મા ગાંધીજી સાથે સલાહ કર; તારૂં તેથી કલ્યાણ થશે, આ દુનિયામાં પ્રિય અને હિતકર વચન દુર્લભ છે.

इति श्रीसत्याग्रहगीतायां कारागारनिवास-
महत्त्वं नाम षोडशोऽध्यायः ॥

---

## अथ सप्तदशोऽध्यायः

### अहिंसाविजयः ।

**ब्रिटान्योवाच**

**सत्याग्रहमहायुद्धनायका गांधिसंगताः ।**
**कस्मात्कारागृहान्मुक्ता ब्रूहि रूटर कौतुकम् ॥ १ ॥**

બ્રિટાન્યા કહે છેઃ—હે રૂટર! સત્યાગ્રહરૂપી મહાયુદ્ધના નેતા ગાંધીજી વગેરે કારાગૃહમાંથી શા માટે મુક્ત થયા તે મને કહે. તે માટે મને કૌતુક થયું છે. ૧

**रूटर उवाच**

**आत्मबलप्रभावस्तु महांस्तस्य महात्मनः ।**
**तत्समीपे जगत्सर्वं वन्दते पूज्यभावतः ॥ २ ॥**

રૂટર કહે છેઃ—તે મહાત્મા ગાંધીજીના આત્મબળનો પ્રભાવ મહાન્ છે, તેની સમીપ આખું જગત પૂજ્યભાવથી નમે છે. ૨

**त्वद्राज्यस्य स्थितिस्तस्य वचने खलु वर्तते ।**
**ईश्वरस्यावतारोऽसौ गण्यते बहुभिर्नरैः ॥ ३ ॥**

અર્થઃ—તારા રાજ્યની સ્થિતિ તેનાં વચનપર અવલંબે છે; ઘણા માણસો એ મહાત્માજીને ઇશ્વરનો અવતાર ગણે છે. ૩

**गोलमंचसभा नाम नाटकं लंडने पुरे ।**
**प्रयोगे निहितं तत्र गतास्ते चाटुकारिणः ॥ ४ ॥**

**आमंत्रिता नृपाश्चैव भारतस्य महाजनाः ।**
**किन्तु निष्फलता जाताविना गांधिमहात्मना ॥ ५ ॥**

અર્થઃ—ગોલમેજી સભા નામે એક નાટક તારી લંડન નગરીમાં ભજવાયું હતું. તેમાં તારા ખુશામતીયા દેશી રાજાઓ

અને બીજા ભારતના મોટા માણસોને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને ત્યાં તેઓ ગયા હતા. પણ મહાત્મા ગાંધીજી વિના તેમાં નિષ્ફળતા મળી હતી. ૪-૫

कोंग्रेसनायकानां तु वर्तते विपुलं बलम् ।
भारतीया जनाः सर्वे प्रायः कोंग्रेससेवकाः ॥ ६ ॥

અર્થઃ—કોંગ્રેસના નેતાઓની મોટી શક્તિ છે અને ઘણે ભાગે સમસ્ત ભારતવાસીઓ કોંગ્રેસના ભક્ત છે. ૬

असंतुष्टा प्रजा यस्मिन् तद्राज्यं क्षयमृच्छति ।
प्रजामतं विना राज्यं क्षणमात्रं न तिष्ठति ॥ ७ ॥

અર્થઃ—જે રાજ્યમાં પ્રજા અસંતુષ્ટ હોય છે તે રાજ્યનો નાશ થાય છે. પ્રજામત વિના રાજ્ય ક્ષણમાત્ર નભતું નથી. ૭

तव शस्त्रबलं सर्वं व्यर्थतामगमद्द्रुतम् ।
अहिंसाशस्त्रसांनिध्ये राज्यं ते भयमागतम् ॥ ८ ॥

અર્થઃ—તારૂં શસ્ત્રબલ સત્વર અહિંસારૂપી શસ્ત્રની પાસે નકામું થયું અને તારૂં રાજ્ય ભયમાં આવી પડયું. ૮

इति ज्ञात्वार्विनः सर्वान् सत्याग्रहस्य नायकान् ।
मुक्तबन्धानकार्षीत्स शान्तिस्थापनकामनः ॥ ९ ॥

અર્થઃ—એમ જાણીને નામદાર વાઇસરોય અર્વિને શાંતિ સ્થાપવાની ઇચ્છાથી સત્યાગ્રહના નેતાઓને જેલમાંથી મુક્ત કર્યા છે. ૯

पश्चात्तस्य च गांधेश्च संभाषणमभून्मिथः ।
गांधिर्युद्धनिवृत्त्यर्थं याचना अकरोदिमाः ॥ १० ॥

અર્થઃ—પછી વાઇસરોય અને મહાત્મા ગાંધીજી વચ્ચે પરસ્પર વાર્તાલાપ થયો હતો. યુદ્ધવિરામ-તહકુબી માટે ગાંધીજીએ આ પ્રમાણે માગણી કરી હતી. ૧૦

अहिंसका विमुच्यन्तां कारावासात्तु बन्दिनः ।
समुद्रसन्निधौ येषां निवासो विद्यते नृणाम् ॥ ११ ॥

लवणोत्पादने तेषां भवेदधिकृतिः सदा ।
शान्त्युपाययुतं कुर्युः पिकेटींगकृतं तथा ॥ १२ ॥

राजापनीतदेशा ये दीयन्तां ते तु माचिरम् ।
अपनेयास्तथा सर्वे नूतना नियमाः कृताः ॥ १३ ॥

ततः परं विवादार्थं गोलमंचाभिधां सभाम् ।
कोंग्रेसनायका गन्तुं करिष्यन्ति स्पृहां खलु ॥ १४ ॥

અર્થ:—અહિંસક કેદીઓને જેલમાંથી મુક્ત કરવા; સમુદ્ર નજીક જેઓ વસતા હોય તેમને મીઠું બનાવવાનો અધિકાર મળે; શાંતિમય ઉપાયથી વિદેશી કાપડ, દારૂ આદિનું પીકેટીંગ; અને સરકારે જપ્ત કરેલ જમીન તુર્ત પાછી આપી દેવી. જે ઓર્ડીનન્સો કરાયા છે તે પાછા ખેંચી લેવા. આ થાય તો પછી કોંગ્રેસના નેતાઓ ગોળમેજી સભામાં વિવાદ કરવા માટે જવાની ઇચ્છા કરશે. ૧૧-૧૪

अर्विनस्याभवन् सर्वाः संमता याचना अमूः ।
आज्ञां तत्पालनार्थं स दत्तवानधिकारिणाम् ॥ १५ ॥

અર્થ:—નામદાર વાઇસરોય અર્વિનને એ માગણીઓ સંમત થઇ અને તેના અમલ માટે પોતાના અધિકારીઓને હુકમ આપી દીધો છે. ૧૫

सत्याग्रहमहायुद्धविरामो वर्ततेऽधुना ।
गोलमंचसभायां चेत् स्वराज्यलाभकामनाः ॥ १६ ॥

भविष्यन्त्यफलास्तर्हि युद्धारंभोऽस्ति निश्चितः ।
त्वद्राज्यस्य पुनर्भीतिर्भविष्यत्यतुला तथा ॥ १७ ॥

અર્થઃ—હાલ સત્યાગ્રહરૂપી મહાયુદ્ધ બંધ રહ્યું છે, જો ગોળમેજી સભામાં સ્વરાજ્યપ્રાપ્તિની ઇચ્છાઓ નિષ્ફળ થશે તો ફરીથી યુદ્ધનો આરંભ નક્કી થશે અને તારા રાજ્યને ઘણો ભય લાગશે. ૧૬-૧૭

**इति श्रीसत्याग्रहगीतायामहिंसाविजयो नाम सप्तदशोऽध्यायः ।**

---

## अथाष्टादशोऽध्यायः

**सत्याग्रहयुद्धतात्पर्यम् ।**

**ब्रिटान्योवाच**

**सत्याग्रहमहायुद्धतात्पर्यं ब्रूहि रूटर ।**
**श्रोतुं तत्कौतुकं तीव्रं मदीये मनसि स्थितम् ॥ १ ॥**

બ્રિટાન્યા કહે છેઃ—હે રૂટર, સત્યાગ્રહરૂપી મહાયુધ્ધનું તાત્પર્ય મને કહે. તે સાંભળવાને મારા મનમાં તીવ્ર ઇચ્છા થઇ છે. ૧

**रूटर उवाच**

**सत्याग्रहमहायुद्धनेतास्ति परमेश्वरः ।**
**अहिंसासत्ययोस्तत्र प्राधान्यं वर्तते सदा ॥ २ ॥**

રૂટર કહે છેઃ—સત્યાગ્રહરૂપી મહાયુદ્ધનો નેતા પરમાત્મા છે. અહિંસા અને સત્યની તેમાં સદા પ્રધાનતા છે. ૨

**सत्याग्रहवशात्तेन जागर्ति सकला प्रजा ।**
**न तां वारयितुं शक्तिः कस्यापि भुवि वर्तते ॥ ३ ॥**

અર્થઃ—સત્યાગ્રહને લીધે તમામ પ્રજા જાગૃત થાય છે, તેને અટકાવવાની તાકાત કોઈનામાં નથી. ૩

अहिंसाबलसांनिध्ये व्यर्थं पशुबलं भवेत् ।
तत्प्रतीतिस्त्वया प्राप्ता भारते दमनाश्रयात् ॥ ४ ॥

અર્થ:—અહિંસાના બલની પાસે પશુબલ નકામું નીવડે છે તેનો અનુભવ ભારતવર્ષમાં દમનનીતિનો આશ્રય લેવાથી તને મળેલ છે. ૪

अत्याचारा महाघोराः सत्याग्रहभटान् प्रति ।
त्वदाज्ञया कृताः किन्तु गांधिसेनाजयोऽभवत् ॥ ५ ॥

અર્થ:—સત્યાગ્રહી સૈનિકો તરફ તારી આજ્ઞાથી ભયંકર અત્યાચાર કરાયા પણ ગાંધીજીની સેનાનો વિજય થયો. ૫

साम्राज्यं बलवत्तेऽस्ति बहुभिः साधनैर्युतम् ।
शस्त्रनौकाबलंचापि पृथिव्यामतुलं मतम् ॥ ६ ॥

અર્થ:—તારૂં સામ્રાજ્ય બલવાન્ છે ઘણા સાધનોથી યુક્ત છે, અને પૃથ્વીપર તારૂં શસ્ત્ર અને નૌકાબલ અતુલ ગણાય છે.

पराभवस्तथाप्यासीदहिंसाबलसंनिधौ ।
दमनाख्या तथा नीतिः कीर्तिनाशाय तेऽभवत् ॥ ७ ॥

અર્થ:—તો પણ અહિંસાના બળ પાસે તેનો પરાભવ થયો, અને દમનનીતિથી તારી આબરૂ નષ્ટ થઇ. ૭

भारते जागृतिं याता स्त्रीशक्तिर्दमनात्तव ।
भारतानामतो दास्यं विनाशमुपयास्यति ॥ ८ ॥

અર્થ:—ભારતવર્ષમાં તારી દમનનીતિને લીધે સ્ત્રીશક્તિ જાગૃત થઈ છે. એથી ભારતવાસીઓની ગુલામી નાશ પામશે.

सैनिकैस्तु कृता नीचैर्नारीजात्यवमानना ।
तव राज्यस्थितिस्तेन निश्चला दृश्यते नहि ॥ ९ ॥

અર્થઃ—તારા હલકા સૈનિકોએ નારીજાતિનું અપમાન કર્યું છે, તેથી તારા રાજ્યની સ્થિતિ નિશ્ચલ જણાતી નથી. ૯

नारीजात्यवमानेन राज्यस्य प्रलयो भवेत् ।
नारीजातिसहायस्तु विद्यते जगतः पतिः ॥ १० ॥

અર્થઃ—નારીજાતિના અપમાનથી રાજ્યનો નાશ થાય છે નારીજાતિનો મદદગાર વિશ્વંભર પરમાત્મા છે.

यत्र गांधिर्महात्मास्ति वल्लभश्च चमूपतिः ।
नारीजातिः स्थिता युद्धे कौसुंभवस्त्रधारिणी ॥ ११ ॥

तरुणानां महान् नेता नेहरुश्च जवाहरः ।
तत्र भारतवर्षस्य विजयो निश्चितो मतः ।
स्वराज्यं संनिधौ चास्ति नास्ति शंकात्र लेशतः ॥ १२ ॥

અર્થઃ—જે યુધ્ધમાં ગાંધી મહાત્મા છે સરદાર વલ્લભભાઈ પટેલ સેનાપતિ છે યુવાનોના મહાન્ નેતા જવાહરલાલ નેહરુ છે અને કેસરી વસ્ત્ર ધારણ કરીને સ્ત્રીજાતિ ઉભી છે ત્યાં ભારતવર્ષનો વિજય નક્કી છે, અને સ્વરાજ્ય પાસે છે એમાં જરા શંકા નથી.

इति श्रीसत्याग्रहगीतायां सत्याग्रहयुद्धतात्पर्यं नामाष्टादशोऽध्यायः ॥

सत्याग्रहस्य गीतेयं राष्ट्रभावसमन्विता ।
कृता वल्लभदासेन भगवत्तनुजन्मना ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

# शुद्धिपत्रक.

| પાનું. | શ્લોક | લીટી | શ્લોકાર્થ લીટી | શુદ્ધ | અશુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૨ | — | ૨ | ચારિત્ર્ય | ચાત્રિય |
| ૨૮ | ૨૫ | — | ૨ | આજ્ઞાને | અજ્ઞાને |
| ૩૦ | ૪ | ૨ | — | करणे | कारणे |
| ૪૦ | ૧૮ | ૨ | — | भारते | भरते |
| ૪૨ | ૯ | — | ૧ | સંગ્રામને। | સંગ્રામને |
| ,, | ,, | — | ૧ | નિર્દેશ | નિર્દોશ |
| ૪૭ | ૧૧ | ૨ | — | करिष्यामो | करिथ्यामो |
| ૫૫ | ૧૫ | ૧ | — | न तु | न |
| ૬૮ | ૨ | ૧ | — | कर्तुं | कर्तु |
| ૬૯ | ૩ | ૧ | — | धर्म | धम |
| ,, | ,, | ૨ | — | तेभ्यः | तेभ्य |